શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર

Publisher : DILIPBHAI MANILAL PATEL UMIYA JYOT (Gujarati Monthly)

Vol.14 • Issue No. 12 • 15th December, 2025, Monday • Pages 40 • Retail Price ₹ 45







ઉમિયા જ્યોત

અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)
(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)
જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.





શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક
શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઉમિયા જ્યોત વતી ગુજરાત ઑફસેટ, વટવા,
અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા
અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.
આ માસિકમાં પ્રસિધ્ધ થતા લેખો અને વિચારો
સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહિ.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે
'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha

ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ



QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

આધુનિક સમયમાં દાતાઓનો મહિમા

संविभागे स्थिता लक्ष्मीः ।

(સંવિભાગે સ્થિતા લક્ષ્મી:)

અર્થાત્ – "ધનનું સાચું સ્થાન તેના યોગ્ય વિતરણમાં છે !"

માનવજીવનનું સૌંદર્ય માત્ર કમાયેલી સંપત્તિમાં નથી, પરંતુ તે સંપત્તિને યોગ્ય માર્ગે વાપરવામાં છે. દાન એ માનવતાનો સર્વોચ્ચ ધર્મ છે. આજના આધુનિક યુગમાં, જ્યાં ટેકનોલોજી, સ્પર્ધા અને વૈભવની દોડ ચાલી રહી છે, તેવા સમયે પણ જે લોકો પોતાના પરિશ્રમથી કમાયેલા ધનનો એક અંશ પણ સમાજની સેવા માટે અર્પણ કરે છે, તેઓ સાચા અર્થમાં "સંસારી સંતો" છે.

ધન કમાવું એક કળા છે, પણ ધનનો યોગ્ય ઉપયોગ એ જીવનનો ધર્મ છે. જે વ્યક્તિ પોતાના ધનને માત્ર વ્યક્તિગત સુખ સુધી સીમિત રાખે છે તે સમૃદ્ધ તો બને, પરંતુ અમર નથી બનતો. જે પોતાના ધનથી સમાજમાં પ્રકાશ ફેલાવે છે તે જ ભામાશા સમાન મહાન બને છે.

ધાર્મિક ક્ષેત્રે મંદિરોમાં, દેવાધિદેવોના કે માતાજીના મંદિરોમાં, ગૌશાળાઓ કે યાત્રાધામોની સેવા હોય, સામાજિક ક્ષેત્રે અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ કે ગરીબોને સહાયરૂપ કાર્ય હોય, શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યામંદિરો, લાઈબ્રેરી કે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવી હોય કે આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ, બ્લડબેંક અને નિ:શુલ્ક દવા વિતરણ જેવી સેવા હોય, દરેક ક્ષેત્રમાં દાતાશ્રીઓના દાનથી અસંખ્ય જીવોના જીવનમાં પ્રકાશ ફેલાય છે.

દાતાઓ સમાજના ધ્રુવતારા છે – જે પોતાના પ્રકાશથી બીજા માટે માર્ગદર્શક બને છે. તેમના દાનથી અનેક સપનાઓ સાકાર થાય છે. અનેક ઘરોમાં આશાનો દીવો પ્રગટે છે. ઉમિયા માતાની કૃપાથી આપણા સમાજમાં દાનની પરંપરા જીવંત છે. કારણ કે દાતાશ્રી માત્ર આપતા નથી, પરંતુ જીવનમાં કરુણાનો સંદેશ ફેલાવે છે.

આજના સમયમાં જરૂરી છે કે, દાન માત્ર પ્રસિદ્ધિ માટે નહીં પરંતુ સેવા માટે આપવાની ભાવના વિકસે.

દાનએ માત્ર ધનની આપા આપ નથી, એ તો હૃદયની ઉદારતા છે. જે મનુષ્ય દયા, કરુણા અને સહભાગીતાનો ભાવ ધરાવે છે, તે જ સાચો દાતા છે.

દાન એ એવુ સાધન છે જે આપનારને પણ ભીતરથી સમૃદ્ધ બનાવે છે આત્મિક રીતે !

દાતાશ્રીઓનું સન્માન, તેમનું પ્રોત્સાહન અને તેમનો આદર એ આપણા સમાજની સંસ્કૃતિનું પ્રતિબિંબ છે.

दानं भूतहितं लोके ।

(દાનં ભૂતહિતં લોકે)

(દાન એ જ લોકહિતનું સાધન છે.)

આવી દાનભાવના જાળવી રાખવી એ દરેક સંસ્થાનું કર્તવ્ય છે. ઉમિયા માતાની કૃપાથી દરેક દાતાશ્રીનું જીવન સુખ, સમૃદ્ધિ અને સેવા માર્ગે પ્રગતિશીલ રહે એ જ પ્રાર્થના.

સમાજના સારા દાનેશ્વરી ભામાશાઓની યોગ્ય કદર કરવી એ પણ આપણી ફરજ છે.

આવા ઉદારહૃદય દાતાશ્રીઓનું સન્માન અને તેમનાં યોગદાનનું ચિરંજીવી સ્મરણ સમાજમાં જીવંત રહે તેવો સંકલ્પ લેવો જોઈએ. તેમના કાર્યનું પ્રચાર-પ્રસાર થવાથી આવતી પેઢી પ્રેરિત થશે અને દાનની પરંપરા વધુ ફેલાશે. જે સમાજ પોતાના દાતાઓનું માન રાખે છે તે સમાજ કદી ગરીબ નથી રહેતો.

शतं कोटि धनं त्यकत्वा, यः करोति दिन दानम् ।

तस्य जन्म सफलं लोके, तस्य कीर्तिर्न लीयते ॥

(જે મનુષ્ય ધનનો અંશ છોડીને રોજ દાન કરે છે, તેનો જન્મ સફળ થાય છે અને તેની કીર્તિ કદી નાશ પામતી નથી.)

અને કબીરદાસજીના શબ્દોમાં

कबीरा इस तन जात है, कर न सके कुछ दान ।

हृदय में दया न उपजे, व्यर्थ गया इंसान ॥

આથી દાનનો અર્થ માત્ર આપવું નહીં, પરંતુ કરુણાભાવથી જોડાવું છે.

દાન એ ધર્મ છે, દયા તેનું હૃદય છે અને સેવા એ તેનું ફળ છે.

ડૉ. અમૃત પટેલ
તંત્રીશ્રી, ઉમિયા જ્યોત

વિભાગ : ૧ ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

ભવાની-ગિરિજા (પાર્વતી)ની ઉત્પત્તિ-કથા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ભવાની-ગિરિજા (પાર્વતી)ની ઉત્પત્તિ-કથા



મહાભાગા સતી, પરાશક્તિ દક્ષાયણિ દક્ષના યજ્ઞના અગ્નિમાં પડી તિરોધાન (અંતર્ધાન/અદ્રશ્ય) થઈ ગયાં. ત્યારે આ શક્તિ વગર ભૃંગી તથા નંદી સાથે લીલાથી શરીર ધારણ કરી ચંડ, મુંડ, વીરભદ્ર વગેરે એક કરોડ સાઈઠ હજાર ગણોથી વીંટળાઈ મહાત્મા શિવે હિમાલય ઉપર તપ શરૂ કર્યું. તે એકલા જ મૂલવિદ્યાથી રહિત છે. તે સમયે અવિદ્યાથી દૈત્યો પ્રગટ્યા. દાનવરાજ બલિને ભગવાન વિષ્ણુએ બાંધ્યો એટલે દૈત્યોએ ઈન્દ્ર ઉપર ઉપદ્રવ કરવા માંડ્યો. કારખંજ, મહારૌદ્ર, કાલમય, નિવાતકવચ, ખરાવક વગેરે દૈત્યોએ પ્રજાનો સંહાર કરવા માંડ્યો.

નમુચિ દૈત્યના પુત્ર તારકે પરમ તપ વડે બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્મા તેનાથી સંતુષ્ટ થયા. દુરાત્મા તારકને તેમણે યથેષ્ટ વરદાન માગવા કહ્યું. તારકે બ્રહ્મા પાસેથી અજરતા, અમરતા, અજેયતા અને ભય પમાડનાર એવાં વરદાન માગ્યાં. બ્રહ્માએ 'અમરતા' શક્ય નથી, એમ કહેતાં તેણે અજેય એવું વરદાન માગ્યું. બ્રહ્માએ 'તું 'અર્ભક' (બાળક) સિવાય અજેય બનીશ' એમ કહ્યું. આ પ્રકારે વરદાન મેળવી કૃતાર્થ થયેલ મહાબળવાન તારકે અસુરોની સાથે દેવોને લડવા યુદ્ધમાં લલકાર્યાં. તારક વડે વારંવાર હેરાનગતિ કરાતા દેવો વિષ્ણુનો આશ્રય કરીને વિજયી બન્યા. વિષ્ણુના બલથી વિજયી દેવો વારંવારના યુદ્ધથી કંટાળીને બ્રહ્મા પાસે ગયા.

દેવોએ બ્રહ્મા પાસે જઈ કહ્યું, 'મધુસૂદન (વિષ્ણુ) બલિ સાથે પાતાળમાં જઈ રહ્યા છે. વિષ્ણુ વિના વૃષ વગેરેને શત્રુ દૈત્યોએ પાડી નાંખ્યા છે. તમે અમારું રક્ષણ કરવા યોગ્ય છો.' આકાશવાણીએ દેવોને સાંત્વન આપતાં કહ્યું – 'જ્યારે મહાબળવાન શંકરનો પુત્ર ઉત્પન્ન થશે ત્યારે તે યુદ્ધમાં 'તારકાસુર'ને હણશે.' આથી સર્વના અંતઃકરણની ગુહામાં રહેલા શંકર પત્નીનું પાણીગ્રહણ કરે, તેવો પ્રયત્ન કરો.' આથી વિસ્મિત થયેલ ઈન્દ્ર સહિત દેવો બૃહસ્પતિ (વાણીના દેવ/ઋષિ)ને આગળ કરી હિમાલય આવ્યા. તારકના વધ માટે દેવોને મદદ કરવા હિમાલયને વિનંતી કરી.

દેવો વડે પ્રાર્થના કરાયેલા વાક્-યજ્ઞોમાં શ્રેષ્ઠ હિમાલય ઈન્દ્રને મશ્કરી કરતાં બોલ્યા : 'હે દેવો ! ઈન્દ્રે અમને બધાને અશક્તિમાન કરી મૂક્યા છે. (ઈન્દ્રએ પૂર્વે પર્વતોની પાંખો વજ્ર વડે કાપી નાખી હતી). તારકના વધ માટે અમે દેવોનું શું કાર્ય કરીએ ? અમને પાંખો આપો તો સગાં-વહાલાં સાથે એકઠા મળીને તેનો વધ કરીએ. હિમાલયે દેવોને તારકના વધ માટેનો ઉપાય જણાવવા કહ્યું. આથી આકાશવાણીની વાત દેવોએ હિમાલયને જણાવી. હિમાલયે આ માટે શંકર લગ્ન કરે; એવો પ્રયત્ન કરવા કહ્યું. તેઓએ હિમાલયને શિવને યોગ્ય કન્યા માટે પુત્રી ઉત્પન્ન કરવા જલદી અમલ કરવા કહ્યું. દેવો વડે આમ કહેવાયેલો ગિરિરાજ (હિમાલય) ઘરે આવ્યો. દેવોના કાર્ય માટે પત્ની મેનાને વાત કરી. દેવો, ઋષિઓ તથા તપસ્વીઓના કલ્યાણ માટે એક સુંદર કન્યાને જન્મ આપવો જોઈએ. હિમાલયે કટાક્ષ કરતાં કહ્યું કે 'હે સુંદર મુખવાળી ! સ્ત્રીઓને કન્યા નથી ગમતી. છતાંયે એક કન્યાને જન્મ આપવો પડશે.

મેનાએ પણ એ જ શૈલીમાં પતિ હિમાલયને કહ્યું કે, ‘કન્યા પુરુષોને દુઃખ આપનારી નિવડે છે. તથા સ્ત્રીઓને શોક પેદા કરે છે. માટે હે પર્વતરાજ ! બુદ્ધિપૂર્વક જે હીતકારી હોય તે કહો.’ હિમાલયે પરોપકારની ભાવનાથી યુક્ત વચન કહ્યું : ‘જે જે પ્રકારે બીજાઓનો ઉપકાર થાય તે તે કાર્ય બુદ્ધિશાળી પુરુષે કરવું જોઈએ. સ્ત્રીએ પણ તે પરોપકારના કાર્યમાં સાથ આપવો જોઈએ.

આ પ્રમાણે હિમાલય વડે પ્રેરીત મેનાએ ઉદરમાં કન્યાનો ગર્ભ ધારણ કર્યો. મહાવિદ્યા, મહાકાલી, મહામાયા, મહામેઘા, અંબા, સતી; જે નામ અનુરૂપ ગુણ ધરાવતી શક્તિઓ તેમના ગર્ભમાં આવી; જેનાથી વિશાળ અને મનોહર આંખો ધરાવતી સતી મેનાએ ઉદરમાં તે પરમ વિભૂતિ (ગિરિજા)ને ધારણ કરી. દેવ, યક્ષ, ઋષિ, કિન્નર વગેરેએ ભાગ્યશાળી મેના તથા હિમાલયની સ્તુતિ કરી. યોગ્ય સમયે બધાને સુખ આપનારાં દેવી ‘ગિરિજા’ પ્રગટ થયાં. દેવ, અપ્સરાઓ, ગંધર્વપતિઓએ અનુક્રમે વાદ્ય, નૃત્ય અને ગીત દ્વારા સંગીતમય વાતાવરણમાં દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. સમગ્ર ત્રૈલોક્ય પ્રસન્ન થયું. મહાસતી ગિરિજા અવતર્યાં કે દૈત્યોમાં ભય પેઠો અને દેવો, મહર્ષિઓ, ચારણો તથા સિદ્ધો આનંદ પામ્યા.

આમ, સમષ્ટિના કલ્યાણ માટે અપકાર ભૂલીને પણ ઉપકાર કરવો એ સજ્જનોનું સાચું લક્ષણ છે. દુર્બુદ્ધિ દુર્જનોને આપેલું ઉત્તમ ફળ પણ અનર્થકારી નીવડે છે. પુરાણકારે સમાજમાં સ્ત્રી પ્રત્યેની પુરુષ અને સ્ત્રીઓની દ્રષ્ટિનું સૂચક દર્શન કરાવ્યું છે. મા ભગવતી ગિરિજા-ઉમા-પાર્વતી હર હંમેશ ભક્તોના રક્ષણ માટે પૃથ્વી ઉપર અનેક સ્વરૂપે અવતાર ધારણ કરતાં રહે છે, એવા શ્રદ્ધાભાવે તેમની ભક્તિ કરતા રહેવું એ આપણું કર્તવ્ય છે.

સંદર્ભ :

❖ અનુવાદક : શ્રી શાંતિલાલ ઠાકર, સ્કંદમહાપુરાણ - અ. ૨૦, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૧૯૭૩.પાના નં. ૫૪ થી ૫૫



ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ



કડવા પાટીદારોના બંધુકા વિવાહ અને ગોળ પ્રથા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

કડવા પાટીદારોના બંધુકાવિવાહ અને ગોળપ્રથા

માતાજીના પરમ ભક્ત અને પંથકના આગેવાન એવા થોભણદાસને નામદાર સરકાર ગાયકવાડે ઊંઝા આસપાસનાં ગામોનું ભરણું ઉઘરાવવાની સત્તા આપી હતી. આ જમીન મહેસૂલની રકમ તેમની પાસે રહેતી હતી. સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં સહુ પ્રથમ બારના ગોળની ઐતિહાસિક રતના થઈ તે પ્રસંગે થોભણદાસે ઊંઝા ગામ અને તેની આસપાસનાં ગામોને ધુમાડાબંધ જમાડી દીધા. સમગ્ર જ્ઞાતિ અને પંથકમાં તેમની વાહ વાહ અને નામના થઈ ગઈ. સમય જતાં થોભણદાસ ગાયકવાડ સરકારની કડી પ્રાંતની કચેરીમાં ભરણાના પૈસા ભરી શક્યા નહીં. આ વાત વડોદરા નામદાર ગાયકવાડસાહેબ પાસે પહોંચી. થોભણદાસને પકડવા માટે વડોદરાથી ઘોડા છૂટ્યા. થોભણદાસને આ વાતની ખબર પડી ગઈ. તેઓ સંતાઈ ગયા. ઊંઝા ગામમાં અને ચોપાસ ગાયકવાડના સિપાઈઓનો કડક જાપ્તો ગોઠવાઈ ગયો. હવે શું કરવું? ઊંઝા પાસેના વણાગલા ગામના ઑજણા પટેલનો સંપર્ક સાધ્યો. વણગલાના આ ઑજણા પટેલે દોઢ મણ વજનના ડાલામાં (માણસ આરામથી સંતાઈ શકે તેવડો જબરદસ્ત મોટો સૂંડલો) થોભણદાસને સુવાડી ઉપર બાજરીનાં ઢૂંઢાં ભરીને પોતાને માથે ઉપાડ્યો.

સિપાઈઓના કડક જાપ્તા વચ્ચેથી થોભણદાસને ઊંઝા ગામમાંથી બહાર કાઢ્યા. તેઓ નવ દિવસ સુધી વણાગલા ગામમાં ગુપ્ત સ્થાને રહ્યા. ગાયકવાડના સિપાઈઓને થોભણદાસ વણાગલા ગામે છુપાયા હોવાની જાણ થઈ ગઈ. આ દરમ્યાનમાં દેણપ ગામના આગેવાનોને ખબર પડી કે થોભણદાસ પાછળ ગાયકવાડ સરકાર પડી છે. થોભણદાસને દેણપ ગામના આગેવાન લાલચંદદાસ વણાગલાથી દેણપ લઈ આવ્યા. આ દેણપના લાલચંદદાસ કરસનદાસને ઊંઝાના થોભણદાસ સાથે પ્રથમ બારનો ગોળ બાંધ્યો ત્યારે પોતાની બે દીકરીઓના રૂપિયા આપવાના કારણે જે ઓળખાણ થઈ હતી તે ઘનિષ્ઠતામાં પરિણમી હતી. દેણપ ગામના ગૉમીઓના (કડવા પાટીદારની એક શાખ કે ઓળખ) અંધારા ઓરડામાં થોભણદાસને છ મહિના સુધી રાખ્યા. ખૂબ જ ગુપ્તતા જાળવવામાં આવી હોય છતાં ગાયકવાડ સરકારને આની જાણ થઈ ગઈ.

આ સમય દરમ્યાન દેણપ ગામના કૈણાજી અને હેંદુળજી નામના બે ઠાકોર ભાઈઓને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા. આ બન્ને ભાઈઓ પટાબાજીમાં-તલવારબાજીમાં જેવા પાકા હતા તેવા જ વચનપાલનમાં પણ પાકા હતા. આ બન્ને ભાઈઓ પટાબાજી ખલેતી વખતે પોતાના શરીરે બખ્તર પહેરતા. આ બખ્તરનું વજન અઢી મણ અને આઠ શેર હતું. હજુ હમણાં સુધી



આ બખ્તર સિદ્ધપુર સરસ્વતી નદી કિનારે આવેલા નવલખા મઠમાં હતું. દેણપ ગામના લાલચંદદાસ કરસનદાસને આ બન્ને કૈણાજી અને હેંદુલજી સાથે સારા સંબંધો હતા. આ બન્ને ભાઈઓએ થોભણદાસને કોઈ આંચ ન આવવા દેવાના સોગંધ ખાધા. આ બન્ને ભાઈઓએ થોભણદાસને દેણપ ગામેથી સિદ્ધપુર સરસ્વતી નદી તટે આવેલા બિલિ ઝરામાં છ મહિના સુધી ગુપ્ત સ્થાને રાખ્યા. અહીં પણ ધીરે ધીરે વાતની ખબર પડવા માંડી. આમ અજ્ઞાત સ્થળોએ રહેતાં રહેતાં બે વર્ષનો સમય વીતી ગયો. થોભણદાસને ગાયકવાડની કરડી નજરમાંથી બચાવવા અનેક પ્રયત્નો થયા, પણ સર્વે પ્રયત્નો નાકામિયાબ નીવડ્યા. આખરે થોભણદાસ અને અન્ય આગેવાનો વડોદરા પહોંચ્યા. ત્યાં તપાસ કરતાં ખબર પડી કે નામદાર ગાયકવાડ ગાયન-વાદન-નૃત્યમાં ભારે રસ ધરાવે છે. કોઈકે કહ્યું, 'તમે રાજાની આ ગણિકાને (નર્તકીને) મળો.' આ વાત સાંભળી થોભણદાસ અને અન્ય આગેવાનો વડોદરા રાજાની ગણિકા-નર્તકીને મળ્યા. સઘળી હકીકતથી ગણિકાને વાકેફ કરી કહ્યું, 'બહેન ! તું બચાવે તો જ અમે બચીએ એમ છીએ.' પ્રત્યુતરમાં ગણિકાએ કહ્યું, 'તું મારો ભાઈ છું, હું તને નંઈ મરવા દઉં, ભઈલા ! તું મારામાં વિશ્વાસ રાખ, હું તને ચોક્કસ ઉગારી દઈશ.' સવારે ગણિકા મહારાજાના નૃત્યમંડપમાં નૃત્ય કરવા ગઈ. પોતાના ગાયન-વાદન-નર્તનથી રાજાને ખુશ કર્યા. રાજાએ ખુશ થઈ ગણિકાને કહ્યું, 'તું માગ ! તું માગે તે આપું પણ ઊંઝાના થોભણદાસ સિવાય જે માગવું હોય તે માગ.' મહારાજા ગાયકવાડ સરકારને ખબર પડી ગઈ હતી કે ઊંઝા પંથકના આગેવાનો થોભણદાસને ઉગારી લેવા માટે વડોદરામાં એકાદ મહિનાથી આવ્યા છે. તેઓ ગણિકા : નર્તકીને મળ્યા હોવાની માહિતી પણ મહારાજજી પાસે પહોંચી ગઈ હોવાને કારણે તેમણે થોભણદાસ સિવાય માગવાનું કહ્યું હતું. અંતે ગણિકા : નર્તકીએ થોભણદાસને સ્વમાનભેર મુક્ત કરવા ગાયકવાડ સરકારને વિનંતી કરી. આ વિનંતી મહારાજા સાહેબે માન્ય રાખી. આ ગણિકાઓ : નર્તકીએ થોભણદાસને ગાયકવાડ સરકાર સમક્ષ હાજર કરાવી, ભરણું ઉઘરાવવાનો અધિકાર પુનઃ અપાવીને મુક્ત કર્યા. થોભણદાસ ઊંઝા પાછા આવ્યા. તેમનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. આખી નાતના પટેલ બનાવવામાં આવ્યા.

માતાજીના પરમ ઉપાસક એવા થોભણદાસને આ આપત્તિમાંથી ઉગારવા માટે સતત ખડે પગે રહેલા દેણપના લાલચંદદાસે પોતાની દીકરીઓ સૌપ્રથમ રચાયેલા બારના ગોળ સમાજમાં પરણાવી. પોતે આ ગોળમાં જોડાયા પણ ખરા, પરંતુ પોતાના કુટુંબીભાઈઓ આ ગોળમાં ન જોડાવાને કારણે તેઓ મુક્ત : બૃહદ કડવા પાટીદાર સમાજ સાથે રહ્યા. થોભણદાસે તેમને ઘણું કહ્યું પણ લાલચંદદાસે પ્રત્યુત્તર આપ્યો, 'મારા ભઈલા બહાર રહે અને હું એકલો બારના ગોળમાં નંઈ આવી શકું !' થોભણદાસની પ્રતિષ્ઠા દિનપ્રતિદિન સમગ્ર કડવા જ્ઞાતિમાં વિસ્તરતી ચાલી.

માતાજીના પરમ ઉપાસક અને દૂરંદેશી એવા થોભણદાસે વિ.સં. ૧૯૦૬માં સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિમાં પ્રથમ બારનો ગોળ રચાવામાં સફળતા મેળવી તે અજાયબ ઘટના લેખાય. તા. ૩૦માં ઑક્ટોબર સને ૧૮૫૦ (વિ.સં. ૧૯૦૬)માં અંગ્રેજ સરકારે હરસદરાય મહેતાબરાય (ચીટનીસ) દ્વારા અને એડવર્ડ લાઇટ જેન્કીન્સસાહેબની સહીથી જાહેરાતનામું બહાર પાડ્યું હતું. જેનો અતિ ટૂંક સાર આ પ્રમાણે છે : 'સમગ્ર કડવા કણબી જ્ઞાતિમાં પાટણ પરગણાના ઊંઝા ગામમાં આવેલાં કુળદેવી પાસે દસ-અગિયાર વરસે લગ્ન કરવાની ચિઠ્ઠીઓ નાખવામાં આવે છે ત્યારે એક મહિનાથી માંડી અગિયાર વર્ષ સુધીનાં તમામ દીકરા-દીકરી પરણાવી દેવામાં આવે છે. પણ તમારી જ્ઞાતિના વિ.સં.



૧૯૦૧- ૦૨ ની સાલના વસ્તીપત્રકમાં કુલ પુરુષો ૩,૨૯,૬૦૧ છે. જ્યારે સ્ત્રીઓ ૨,૬૨,૪૦૮ છે. જ્ઞાતિમાં ૬૭,૧૯૩ જેટલી સ્ત્રીઓ ઓછી છે. વળી, છેલ્લાં બે વર્ષમાં ૧૦૦એ ૭૯ દીકરીઓનો જન્મદર જણાયો છે. આના કારણમાં દીકરીના ઉછેરમાં ભેદભાવની નીતિ જણાય છે. દીકરીનાં માતા-પિતાએ વરપક્ષને આપવું પડતું દહેજ-કરિયાવરને જ કારણે દીકરીનો જન્મ ઉપાધિરૂપ ગણાય છે. તેથી નીચેના પાંચ ઠરાવોનો અમલ કરવા ફરમાવવામાં આવે છે. આ પાંચ ઠરાવો વરકન્યાના લગ્ન નિમિત્તે કન્યાપક્ષ તરફથી આપવા પડતાં નાણાં અંગેના છે. આ નિયમો (ઠરાવો)નો ભંગ કરનારને સને ૧૮૨૭ના કાયદા ૧૪ માની કલમ - ૧ની પેટા કલમ ૭ મુજબ ગુનેગાર ગણી સજા કરવામાં આવશે.' અંગ્રેજ સરકારે આ પ્રકારનું જાહેરનામું બહાર પાડી પ્રજાને વખતસર ચેતવણી આપી, પોલીસઅધિકારીઓને આ બાબતે યોગ્ય ખબર રાખવા યોગ્ય સૂચનાઓ આપી હોવા છતાં તેનું જોઈએ તેવું સંગીન ને સફળ પરિણામ આવ્યું નહીં !!'

સુખી માણસોને ત્યાં દીકરીઓ નાખવા માટે દૂરદૂરનાં ગામોએથી ધસારો રહેતો, જ્યારે સામાન્ય ઘરના યુવકો વાંઢા રહેતા હતા. આવી સગાઈ-વિવાહની વિષમ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે થોભણદાસે આ ગોળ રચના માતાજીના સ્વપ્નના નામે ઊભી કરી હોય તેમ જણાય છે. થોભણદાસે ગોળ રચના ઊભી કરી સમાજના તમામ સ્તરનાં દીકરા-દીકીઓને પોતપોતાને યોગ્ય વર-ઘડિયાં મળી રહે તેવો માર્ગ કાઢ્યો. વિ.સં. ૧૯૦૬ માં સહુ પ્રથમ બાંધેલા (ઐતિહાસિક ગોળ) બારના ગોળ સમાજના ચીલે ચાલવાનું અન્ય ગામોએ પણ નક્કી કર્યું. પણ ગોળ બાંધવાનો યોગ્ય સમય બંધુકાવિવાહ આવે તે જ હતો. જો ગોળ બાંધવામાં આવે પણ વિવાહ તો હવે વિ.સં. ૧૯૧૬ના વૈશાખ મહિનામાં જ થઈ શકે. વિ.સ. ૧૯૧૬માં કચ્છ-કાઠિયાવાડ, માળવા, દક્ષિણ ગુજરાત સિવાયના સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિમાં ગોળ બાંધવાની ચર્ચાઓ ચાલવા માંડી.

જોતજોતામાં વિ.સં. ૧૯૧૬નું બંધુકાવિવાહનું વર્ષ આવી પહોંચ્યું, તેના બે વર્ષ પૂર્વેથી સાતનો સમાજ રચવાની હિલચાલો શરૂ થઈ ગઈ હતી. વાતો ને ચર્ચાઓ ગામેગામ ચાલતી હતી. તે સમયે કેટલાકે આ ગોળપ્રથાનો વિરોધ કર્યો તો કેટલાક આગેવાનોએ આવી ગોળપ્રથાની હિમયાત કરી. હિમાયત કરનારાઓમાં જે તે ગામોના ચોક્કસ કુટુંબોમાં કોઈ દીકરી નાખતું નહીં તેઓ કેન્દ્રસ્થાને રહ્યા.

સાધનસંપન્ન અને સુખી વ્યક્તિઓને ત્યાં દીકરીઓ નાખવા ભારે ધસારો રહેતો જ્યારે સામાન્ય કક્ષાનાં કુટુંબોના દીકરાઓ અપરિણીત પણ રહી જતા હતા. આવી પરિસ્થિતિ અટકાવા માટે કોરવડા-મહેસાણા-કંથરાવી-બલોલ-પાંચોટ વગેરે ગામોના આગેવાનો ઊંઝા માતાજીના સાંનિધ્યે થોભણદાસની આગેવાની નીચે ભેગા મળ્યા. તેઓએ વિ.સં. ૧૯૧૬માં સાતનો ગોળ સમાજ બાંધ્યો અને બૃહદ કડવા પાટીદાર સમાજથી એક બીજું વર્તુળ છૂટું પડ્યું. વિ.સં. ૧૯૧૬ના બંધુકાવિવાહમાં સાતના સમાજના ૪૫ દિવસથી માંડીને ૧૦ વર્ષ સુધીનાં તમામ યુવક-યુવતીઓ પરણી ગયાં તે સમાજમાં જોડાયેલાં તમામ કુટુંબોની નામાવલી તૈયાર કરવામાં આવી. વિ.સં. ૧૯૧૬ના બંધુકાવિવાહ થઈ ગયા પછી દંઢાવ્ય, દશકોશી અને ભાલ પંથકના કડવા પાટીદારોએ પાછળથી વિચાર કરીને કેટલીક છૂટછાટો સાથે પોતાનો ગોળ બાંધી અંદરોઅંદર કન્યાઓ લેવા-દેવા માંડી. આમ ધીરે ધીરે બૃહદ કડવા પાટીદાર સમાજમાંથી પોતપોતાને અનુકૂળ એવાં ગામોના ગોળ બાંધવા માંડ્યા. તેનું સીધું પરિણામ એ આવ્યું કે સમાજના અમુક ભાગોમાં કન્યાઓની ખોટ પડવા માંડી. વળી તે સમયે કન્યાના પિતાઓએ વરપક્ષને આપવા પડતા પૈસાને કારણે પોતાની દીકરીઓને ફૂલના દડા સાથે પરણાવી દેવા માંડી.



આ ચાલ ધીરે ધીરે ખૂબ જ મજબૂત બન્યો. બંધુકાવિવાહ થાય ત્યારે કોઈ પણ કન્યા કુંવારી ન રહી શકે તેવી પરંપરાને કારણે ફૂલના દડે પરણાવવાનો જૂનો ચાલ ખૂબ જ વ્યાપકપણે સમાજમાં ઊપસી આવ્યો. સારા ઘરના દીકરાઓ પણ હવે તો કુંવારા રહેવા લાગ્યા !! આવા સારા ઘરના દીકરા કુંવારા રહે તો બાપદાદાએ જમાવેલી આબરૂ ધૂળમાં મળી જાય, આમ વિચારીને નિર્ધારિત તિથિએ દીકરાઓ પરણાવવા માટે વરના પિતા કન્યાના પિતાને માંડવા ધોવરામણના પૈસા આપવા માંડ્યા, આમાંથી ધીરે ધીરે કન્યાવિક્રય અસ્તિત્વમાં આવ્યો.

આવી ગોળ રચનાને કારણે દેસાઈ અને અમીન જેવા ઉચ્ચ અને કુળવાન ગણાતા ધનિક કુટુંબોના દીકરાઓને કોઈ જ અસર ન થઈ પણ દેસાઈ-અમીન નામધારી સામાન્ય કુટુંબોના દીકરાઓના કન્યાઓ મેળવવા માટે ફાંફાં પડવા માંડ્યાં. જ્ઞાતિની આવી અવ્યવસ્થા અંગેની વિગતો નામદાર પાટડી દરબારશ્રી જોરાવરસિંહજી સાહેબને પહોંચાડવામાં આવી. નામદાર પાટજી દરબારશ્રી જોરાવરસિંહજીએ અને ૧૮૬૯ના ફેબ્રુઆરી માસ (વિ.સં. ૧૯૨૫)માં પાટડી મુકામે જ્ઞાતિના સઘળા વિભાગોમાંથી જ્ઞાતિબંધુઓને તેડાવ્યા. જે સભામાં ૪૦ હજાર માણસ ઉપસ્થિત હતું. ના. દરબારશ્રીએ સર્વેનું સ્વગત કરી જ્ઞાતિને સ્પર્શતી દશ અને કુળદેવી શ્રી ઉમિયામાતાજીની પૂજા-પ્રાર્થના-ઉજાણીને લગતી એક એમ અગિયાર બાબાતો પરત્વે જ્ઞાતિનું ધ્યાન દોર્યું. જેમાં પ્રથમ બાબત જ્ઞાતિના ઊંચાનીચા ભેદભાવોની લગતી અને જ્ઞાતિમાં ગોળ બાંધીને માથા માટે માથું-કન્યા દેવાનો રિવાજ બંધ કરવાની બાબત હતી. વિ.સં. ૧૯૨૫ના મહા વદ-૫ના રોજ મળેલા જ્ઞાતિના આ મેળાવડામાં સર્વે જ્ઞાતિજનોએ ના. દરબારશ્રીએ રજૂ કરેલા તે અને બીજા કેટલાક જરૂરી સુધારા-વધારા મળી કુલ ૧૭ ઠરાવો પ્રસાર કર્યો. જે સમગ્ર જ્ઞાતિએ કબૂલ મંજૂર કર્યા. જેમનો પ્રથમ ઠરાવ આ પ્રમાણે હતો : ‘જ્ઞાતિના લોકોએ ગોળ બાંધી પોતાના જ ગોળમાં કન્યા દેવા-લેવાનો રિવાજ કર્યો છે તે આજથી તોડી નાખ્યો છે, માટે પોતપોતાની ખુશી પ્રમાણે કન્યાઓ લેવી-દેવી, તેમાં કોઈ માણસે હરકત-ઈજા કરવી-કરાવવી નહીં.’ જ્યારે છેલ્લો અને સત્તરમો ઠરાવ આ પ્રમાણે હતો : ‘ઊંઝામાં ઉમિયામાતાજીનું મંદિર બાંધવા માંડ્યું છે અને તે અધૂરું છે, તે પૂરું થવા સારું સર્વે ભાઈઓએ મદદ આપવાનો વિચાર કરવો જોઈએ. તેમજ આપણી નાતનાં લગ્ન ઠરશે તે વખતે તે વિશે ઘટતો વિચાર કરવામાં આવશે.

જ્ઞાતિના આ મેળાવડામાં પાટડી, વણોદ, દસાડા, બજાણા, લખતર, ધ્રાંગધ્રા, વઢવાણ, લીંબડી, મોરબી, કાઠિયાવડ, મૂળી, વાંકાનેર પરગણાનાં ગામોના કડવા કણબીઓ અને જાડી પછેડીના પટેલિયા વગેરે કે જેમાં ગોળ પ્રથાનો કોઈ વિચાર સુધ્ધાં જન્મ્યો નહોતો તેઓએ જ્ઞાતિ સમસ્ત બીજા અલગ-૧૭ ઠરાવો કરેલા. આ સત્તર ઠરાવો પૈકીના તેર ઠરાવો વર-કન્યાની લેતી-દેતી અને નાતરા અંગેના છે, જ્યારે અનુક્રમે ૧૪-૧૫મો ઠરાવ જ્ઞાતિના ઉત્થાન અંગેનો અને ૧૬-૧૭ નંબરના ઠરાવો નામદાર પાટડી દરબારશ્રીને આ ઠરાવોનો અમલ કરવા કરાવવા અને ઠરાવો બદલવાની વગેરે સત્તાઓ આપવા અંગેનો છે.’

પાટડી મુકામે વિ.સં. ૧૯૨૫ના મહા વદ-૫ના રોજ મળેલ સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિ મંડળના ઠરાવોનો જોઈએ તેઓ અમલ થયો નહીં. ત્યારબાદ એક વર્ષ પછી આવતા બંધુકાવિવાહ દરમ્યાન વિ.સં. ૧૯૨૬માં નાનો બાર ગોળ બંધાયો. જેમાં પાટણ-ટુંડાવ-ઐઠોર-દેણપ (માઢવાળા)-કહોડા-કમાણા-પીંપળ-કંબોઈ-લણવા-કનેડિયું વગેરે ગામોના જ્ઞાતિ આગેવાનોએ ભેગા મળી પોતાના ગોળમાં જ વર-કન્યાના સગપણ-ચાંલ્લા કરવાનું ઠરાવી એ જ વર્ષે થતા બંધુકાવિવાહથી આ નાનો બાર ગોળ સમાજ બૃહદ કડવા પાટીદાર સમાજથી અલગ પડ્યો.



પાટડી દરબારશ્રીની અધ્યક્ષતા નીચે મળેલ જ્ઞાતિની બેઠકમાં નવા ગોળ રચના નહીં તેવો ઠરાવ થયો હતો તે અને બીજા અન્ય ઠરાવોનો જ્ઞાતિમાં કોઈ અમલ થયો નહીં. અમદાવાદમાં શેઠશ્રી બહેચરદાસ લશ્કરીની આગેવાની નીચે વરવિક્રય ન કરવા માટે જેહાદ ચાલી. તેમના વિરુદ્ધમાં પરંપરાગત જૂની વિચારણા-મતના જ્ઞાતિજનો ચળવળ કરવા મંડ્યા. સુધારાવાદી અને જુનવાણીઓ સામસામે સંઘર્ષમાં આવવા માંડ્યા. આ સમય બાદ વખતોવખત અંગ્રેજ સરકારે જ્ઞાતિના સામાજિક ઉત્થાન માટે સમયાનુકૂળ નવા કાયદા બનાવ્યા, જાહેરનામા બહાર પાડ્યા પણ તેનું જોઈએ તેવું પરિણામ ન આવ્યું.

સુધારાવાદી વિચારો ધરાવનાર રા.બ. શેઠ શ્રી બહેચરદાસ લશ્કરીએ તા. ૧૩-૨-૧૮૭૯ના રોજ મુંબઈ સરકાર (અંગ્રેજ સરકાર)ને જ્ઞાતિમાં વર- કન્યા વિક્રય બંધ કરાવવા, લગ્નખર્ચ ઘટાડા અંગે નવો કાયદો ઘડી કાઢા વિનંતી કરતો પત્ર લખ્યો. ત્યારબાદ તા. ૧૬-૨-૧૮૭૯ના રોજ ફરી પત્ર લખ્યો જેમાં જ્ઞાતિની ઉત્પત્તિ, પ્રચલિત લગ્નપદ્ધતિની વિચિત્રતાને કારણે થતા ખર્ચાઓ અને કન્યાના અભાવને દૂર કરાવના અક્સીર ઉપાય તરીકે એક જ તિથિના લગ્ન કરવાનો રિવાજ દૂર કરવાનો કાયદો ઘડવા માગણી કરી. અંગ્રેજ સરકારે અમદાવાદના કલેક્ટર બોરોડેલને આ અંગે કાયદાનો ખરડો કરી મોકલવા જણાવ્યું. તેમણે રા.બ. બહેચરદાસ લશ્કરી સાથે ચર્ચાવિચારણા કરી. શેઠશ્રીએ સૂચનો કર્યાં અને આ જ્ઞાતિનો મેળાવડો કરી કાયદાનો ખરડો તૈયાર કરવાની સલાહ આપી. સમયના પ્રવાહમાં અંગ્રેજ સરકારે ચલાવેલ તુમારો અટવાઈ ગયા. તેનું કોઈ જ પરિણામ તત્કાળ આવ્યું નહીં.

જોતજોતામાં વિ.સં. ૧૯૩૬નું વર્ષ આવી પહોંચ્યું. આ વરસે જંત્રાલ-કુકરવાડા-ખેરવા-સદુથલા-કાંસા (શેઠીઆ) - માલોસણ-લોદરા-મંડાલી-પુંધરા વગેરે ગામોના આગેવાનો ઊંઝામાં ઊમિયા માતાજીના પરિસરમાં મળ્યા. માતાજીની રજા માગી. તેઓ ચાલુ વરસે થનારા બંધુકાવિવાહ દરમ્યાન પોતાનો અગિયારનો ગોળ બાંધી બૃહજ કડવા પાટીદાર સમાજથી અલગ થઈ ગયા. બૃહદ કડવા પાટીદાર સમાજમાંથી એક પછી એક સમાજો અલગ પડવા માંડ્યા.

વિ.સં. ૧૯૪૬ના વર્ષના વિવાહ નજદીક આવતા હોઈ રા.બ.શ્રી બહેચરદાસ લશ્કરી શેઠે અમદાવાદ જિલ્લા કલેક્ટર જેમ્સ સાહેબને અરજી આપી. જેમાં જ્ઞાતિની સ્થિતિ, કન્યાઓનાં કષ્ટો, લગ્નખર્ચાઓ. મરણ પાછળના ખર્ચાઓ અને દસ વર્ષે એક જ તિથિનાં લગ્નોને બદલે મરજી મુજબ છૂટાં લગ્નો કરવા અથવા તો છેવટે બને તેટલી ટૂંકી મુદતનાં લગ્નો કરી આપવાનો કાયદો કરવા જેમ્સ સાહેબને વિનંતી કરી. સદર અરજીના અનુસંધાને તા. ૧૮-૨-૧૮૮૯ના રોજ ઉત્તર વિભાગના કમિશનર મે. શેપર્ડ સાહેબની અધ્યક્ષતામાં કણબીઓની જંગી સભા ભરવાનું નક્કી કરી, પાટડી, વિરમગામ, કડી, દશકોશી, ભાલ, દંઢાવ્ય, પાટણવાડા, કાનમ વગેરે વિભાગના કણબી આગેવાનોને પોતાના નામથી નિમંત્રણપત્રિકા મોકલવવામાં આવી. નિયત થયેલા દિવસ અગાઉ તા. ૧૫-૨-૧૮૮૯ના રોજ પાટડી દરબારની અધ્યક્ષતામાં અમદાવાદના તેમના નિવાસના ઉતારાના સ્થળે સભાનો ખરડો નક્કી કરવામાં આવ્યો. તેના બે દિવસ પછી તા. ૧૭-૨-૧૮૮૯ના રોજ મે. કલેક્ટર સાહેબના અધ્યક્ષપણા નીચે તેમના બંગલે ફરી સભા મળી જેમાં ૧૫મી તારીખના ખરડાને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. છેવટે તા. ૧૮-૨-૧૮૮૯ના રોજ કલેક્ટર મે. જેમ્સસાહેબના બંગલે પશ્ચિમ વિભાગના કમિશનરશ્રી મે. શેપર્ડ સાહેબના અધ્યક્ષણપણા નીચે પાંચ-છ હજાર જેટલા કડવા પાટીદારોના આગેવાનોની સભા મળી. જેમાં ઊંઝાનાં લગ્ન કાઢનાર પટેલો, બ્રાહ્મણો, માતાજીના પૂજારીઓ, લગ્ન જાહેર કરનારા અને વડોદરા રાજ્યના અધિકારીઓ સામેલ હતા. આ સભામાં પાંચ



વર્ષે લગ્ન કરવાની છૂટ માગતી અને મરણ પાછળના જમણવારની બે દરખાસ્તો કાઢી નાખીને ૨૧ જેટલા સુધારા કર્યા. આ ઠરાવોની નીચે અમદાવાદના કલેક્ટર એચ. ઈ. જેમ્સની અને ત્રિકમલાલ દીનાનાથ ચીટનીસની સહીથી તા. ૧-૩-૧૮૮૯ના રોજ દરેક ગામના મુખી-તલાટીને સમગ્ર કણબી સમાજનો સ્વતંત્ર અભિપ્રાય જાણવા માટે પત્ર ફૉર્મ મોકલી આપવામાં આવ્યા.

ફૉર્મ ભરાઈને આવ્યા બાદ અભ્યાસ કરીને તા. ૨૧-૧-૧૮૯૦ના રોજ હુકમ નં. ૩૦૮થી નવા ઠરાવો બહાર પાડવામાં આવ્યા. આ તુમારો ચાલતા રહ્યા, કાયદા બનતા રહ્યા પણ કડવા કણબીઓ તેનું પાલન કરતા ન હતા.

જોતજોતામાં વિ.સં. ૧૯૪૬નું બંધુકાવિવાહનું મુર્હુત નજદીક આવી ગયું. આ બંધુકાવિવાહના પૂર્વે કરલી-ભૂણાવ-બ્રહ્માણવાડા-વરવાડા-વિશોળ-દેણપ વગેરે ગામોના આગેવાનો ભેગા થયા. તેઓ પોતાને અનુકૂળ એવા ઠરાવો કરીને બાવનનો ગોળ સમાજ બાંધીને બૃહદ કડવા પાટીદાર સમાજથી અલગ થયાં. છેવટે વિ.સં. ૧૯૪૬ના બંધુકાવિવાહમાં તેઓએ પોતાના આ નવા સમાજમાં જ વર-કન્યાનાં લગ્નો કર્યાં. એક પછી એક સમાજ જુદા પડતા ગયા. બીજી બાજુ સુધારાવાદી વિચારધારા પ્રબળ બનતી ગઈ. સમાજ ઉપર પરંપરાગત વિચારધારાવાળા આગેવાનોનું વર્ચસ્વ લગભગ જેવું ને તેવું જ બની રહ્યું હતું. પરંતુ સુધારાવાદી વિચારધારા હવે પ્રબળ બનવા લાગી હતી. વિ. સં. ૧૯૪૬ના બંધુકાવિવાહ પહેલા અંગ્રેજ સરકારે કરેલા કાયદાનો કેવો અમલ થયો તેનો અભ્યાસ કરવા મુંબઈ સરકારે ઉત્તર વિભાગના કમિશનરશ્રી મે. એચ. ઈ. એમ. જેમ્સસાહેબ પાસેથી વિગતો મંગાવી. જે વિગતો ઉત્તર વિભાગના કમિશનરશ્રીએ ત. ૨૦-૧૦-૧૮૯૦ના ખૂબ જ દીર્ઘ પત્ર દ્વારા પૂના મોકલાવી. જે પત્રનો અતિશય ટૂંક સાર આ પ્રમાણે છે : 'આ કાયદાથી લગ્નખર્ચ ઘટ્યો છે. ગાયકવાડ સરકાર દ્વારા આ નિયમોનો અસ્વીકાર થયો હોઈ કાયદાનો ભંગ થવા સંભવ છે. વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટસાહેબને આ અંગે પૂછાવતાં તેઓએ જણાવ્યું છે કે, લગ્ન માટે દેવી(ઉમિયામાતાજી) વારેવારે પૂછી શકાતું નથી. તેઓએ પાંચ વર્ષે લગ્ન કરવા માતાજી સામે ચિઠ્ઠીઓ નાખવા કહ્યું હતું પણ સ્થાનિક આગેવાનોએ તેમ થવા દીધું નથી. સ્થાનિક પટેલો અને બ્રાહ્મણોએ આપેલું વચન તોડ્યું છે. જો પાંચ વરસે લગ્ન થાય તો કડવા કણબીઓની આર્થિક, સાંસારિક, નૈતિક સ્થિતિમાં સુધારો થઈ શકે તેમ છે. ગાયકવાડ સરકારના કડી પ્રાંતના અધિકારી જો દબાણ કરે તો પાંચ વર્ષીય લગ્નો થઈ શકે તેમ છે અને આ કુરિવાજ તૂટી જાય તેમ છે. વિ.સં. ૧૯૪૬ના બંધુકાવિવાહમાં કુલ ૧૧,૩૮૬ લગ્નો થયાં. તેમાં ૧૦૪૧૬ ખરાં લગ્ન, ૮૫૯ ફૂલના દડાંનાં લગ્ન, ૫૦ બાહ્યવરનાં, ૨૬ એક પર બીજી કરવાનાં અને ૩૫ પ્રથમ સ્ત્રીના મૃત્યુ બાદ, ૧૫૪૭ લગ્ન સરકારી હદમાંથી ગાયકવાડી હદમાં જઈને કરવામાં આવ્યાં છે.'

ઉત્તર વિભાગના કમિશનરશ્રીના ખૂબ જ દીર્ઘ નિવેદન કરતા પત્રનો ના. મુંબઈ સરકારે તા. ૧૩-૧૨-૧૮૯૦ના જનરલ ડિપાર્ટમેન્ટ નંબર ૪૯૦૨થી જવાબ લખ્યો. તેનો અતિ ટૂંક સાર આ પ્રમાણે છે: 'કડવાના લગ્નખર્ચમાં કાયદાને કારણે ઘટાડો થયો તે સંતોષકારક છે. આપના નિવેદનની એક નકલ પોલિટિકલ ડિપાર્ટમેન્ટને મોકલવી, બીજી એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ વડોદરાને મોકલી આ નિયમો સ્વીકારી દર પાંચ વર્ષે લગ્નો થાય તેવું માતાજીને પૂછવાનું, પૂજારીઓ પાસેથી વચન લેવા ગાયકવાડ સરકારને વીનવવું.' ક્રમશ...

(**અમૃત પટેલ કૃત** વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદરો પુસ્તકોમાંથી)



ડૉ. અમૃત પટેલ




વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

સંત સરયૂદાસજી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સંત સરયૂદાસજી



સંત સરયૂદાસજી મહારાજ

આજથી ૧૫૧ વર્ષ પહેલાં ઈ.સ. ૧૮૪૮માં જન્માષ્ટમીના દિવસે માતા ગંગાબેનની કૂખે એક પુત્રનો જન્મ થયો - કહો કે, પાટડીની ભૂમિ પર એક મહાત્માનાં પુનિત પગલાં થયાં. એમનું મૂળ નામ ભોગીલાલ. કડવા પાટીદાર જ્ઞાતિમાં પિતા પ્રભુદાસ અને માતા ગંગાબેન બંનેય સદાચારી ભક્ત હતાં. તેઓ દુ:ખી પર ખૂબ દયા રાખતાં અને ભૂખ્યાને અન્ન આપવામાં સર્વોત્તમ પુણ્ય માનતાં. માતા ગંગાબેન પાટડી દરબારશ્રીના ભાયાત રણછોડભાઈની દીકરી થતાં હતાં.

ભોગીલાલ બાલ્યાવસ્થામાં મોસાળમાં રહેતા, જ્યાં પડોશમાં રહેતા વજા ભગત તથા જોઈતારામ ભગતના સત્સંગથી એમનામાં ભક્તિરસના અંકુર ફૂટ્યાં હતાં. ભોગીલાલે સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો.

મોટી ઉંમરે ભોગીલાલ મામાની અનાજની દુકાને બેસતા, પણ કેમે કરીને વેપારમાં એમનું ચિત્ત ચોંટે જ નહિ. એક વખત સાયંકાળની આરતીનો ઘંટારવ કાને પડતાં ધૂનમાં ને ધૂનમાં દુકાન ખુલ્લી મૂકીને મંદિરે પહોંચી ગયેલા. ભજન-કીર્તન હોય ત્યાં એ ઉમળકાભેર દોડી જતા.

એકવાર પાંચેક સાધુઓ ફરતા ફરતા પાટડીમાં ખરા બપોરે આવી પહોંચ્યા. સાધુઓને આવા કસમયે ભિક્ષા ક્યાંથી મળે ? ભોગીલાલ સાધુઓની આ મૂંઝવણ પામી ગયા અને તેમને છાંયે બેસાડી 'ભિક્ષાની વ્યવસ્થા હું કરું છું.' એવું કહેતાંની સાથે એ ઘેર દોડી આવ્યા. ઘરમાં થોડોક જ આટો હતો. એથી એ જાતે દળવા બેસી ગયા અને પછી આટો લઈને એ ઝટપટ સાધુઓની પાસે પહોંચી ગયા. સાધુઓને ભિક્ષા આપી દંડવત્ પ્રણામ કર્યા.

ભગવાનદાસ નામના એક સંત પાટડીમાં પધાર્યા. ભોગીલાલે પોતાને શિષ્ય બનાવવા આ સંતને નમ્રતાપૂર્વક વિનંતી કરી.

સંતે ભોગીલાલની સાંસારિક હકીકત જાણી કહ્યું : 'તું પરણેલો હોઈ તારી પત્ની અનુમતિ આપે તો જ તને શિષ્ય બનાવી શકાય.'

તે વખતે ભોગીલાલની પત્ની બીમાર હોવાથી તેના પિયર લીમડીમાં આરામ પર હતી. તેથી ભોગીલાલ તાબડતોબ લીમડી પહોંચ્યા. તેમણે પત્નીને કહ્યું : "મને સંસારમાં કંઈ જ રસ નથી. મારે તો સંન્યાસ લેવો છે. તું દયા કરીને મને તે માટે સંમતિ આપ. પરમાત્મા તારું અને મારું બંનેનું કલ્યાણ કરશે." ભોગીલાલની ઉત્કટ ધર્મ પરાયણતા જોઈ તેમની પત્નીએ સન્યસ્ત લેવા માટે સંમતિ આપી. પત્નીને છેલ્લા વંદન કરી એ પેલા ગુરુ ભગવાનદાસની શોધમાં ચાલી નીકળ્યા.

જતાં જતાં વણોદ ગામે ગુરુનો ભેટો થઈ ગયો. ગુરુને દંડવત્ પ્રણામ કરી ભોગીલાલે કહ્યું, "મહારાજશ્રી, મારી પત્નીએ સન્યસ્ત માટે સંમતિ આપી છે. હવે કૃપા કરી મને દીક્ષા આપો." ગુરુએ ભોગીલાલને વિધિપૂર્વક દીક્ષા આપી અને તેમનું નામ સરયૂદાસ રાખ્યું.

ભગવા વેશે એ પાટડી આવ્યા ત્યારે તેમના મામાએ તેમને સંસારમાં પાછા ખેંચવા થાય એટલું દબાણ કર્યું. પણ એમની અડગતા આગળ સૌ લાચાર બન્યાં.

ફરતા ફરતા સરયૂદાસજી અમદાવાદ આવ્યા. લોકો એમનાં હૃદયસ્પર્શી કથા-કીર્તન સાંભળી ખૂબ જ આકર્ષાયા. એમના પ્રભુમય, વૈરાગ્યપૂર્ણ, જીવનમાત્ર પ્રત્યેના દયાભાવથી સદાય નિર્ઝરતા, પવિત્ર અને સાદગીભર્યા જીવનનું સાનિધ્ય લોકો ખૂબ ઝંખવા લાગ્યા. પરિણામે એમના ભક્તોએ જ સરયૂમંદિર, આશ્રમ અને ગૌશાળા પ્રેમદરવાજા પાસે ઊભાં કરી દીધાં. તેઓ જીવનના અંતકાળ સુધી આ સ્થળે રહ્યા અને જનતાને ધર્માભિમુખ કરવામાં, ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવામાં અને જનતાના દુ:ખમાં સહભાગી બનવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પી દીધું. "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે" - નરસિંહ મહેતાના કથન મુજબ તેઓ સાચા વૈષ્ણવજન હતા.

એક વખતે તેઓ ડાકોર જતા હતા ત્યારે રેલવેના ડબામાં તેમની બાજુમાં બેઠેલો એક પઠાણ તેમને પગથી અડપલાં કરી રહ્યો

હતો. સંતને થયું કે, એ બિચારાના પગે કંઈક કળતર થતી હશે એટલે એ દુઃખનો માર્યો, પગ આઘા-પાછા કરતાં મને એનો પગ અડકી જતો હશે. પઠાણનું દુઃખ હળવું કરવા આ સંત તો તેની પગચંપી કરવા બેસી ગયા. ત્યારે સંતના પગે પડી પઠાણે કહ્યું : ''રહને દો મહારાજ, રહને દો. મેરી કુસૂર માફ કર દો. આપ સિર્ફ ઈન્સાન નહીં, લેકીન ખુદા કા પ્યારા ઓલિયા હૈ.''

પુરાણી મહારાજ મંદિરમાં કથા કરતા હતા. સખત ગરમીને લીધે તેમને પરસેવે રેબઝેબ થયેલા જોઇને વીંજણો લાવી સંત તો પુરાણી મહારાજનું પવન નાંખવા બેસી ગયા.

એક વાર ભંગીઓએ હડતાળ પાડી જાજરૂ ગંધાઈ ઊઠ્યાં. પરોઢિયે ત્રણ વાગે ચૂપચાપ ઊઠી જઈ સંતે જાજરૂ સાફ કરી નાખ્યાં. કોઈના ચઢાવ્યા ચઢી, એકવાર ગુંડાઓ સંતને લાકડીઓ લઈ મારવા આવ્યા. ત્યારે સંત ભગવાનની આરતી ઉતારી રહ્યા હતા. ગુંડાઓને જોઈ, પીઠ ફેરવી તેમણે ગુંડાઓની પણ આરતી ઉતારી. તેથી ગુંડાઓનું સહસા હૃદયપરિવર્તન થઈ ગયું ને સંતની ક્ષમા માગી તેઓ સંતના ભક્ત બની ગયા.

તાવથી પીડાતા એક કઠિયારાનો લાકડાનો ભારો પોતે માથે ઉપાડી બજારમાં વેચી આવ્યા અને ભારાના ઉપજેલા પૈસા કઠિયારાના હાથમાં મૂકી દીધા.

એક દિવસ તેઓ નદીએ નાહાવા જતા હતા. રસ્તામાં તેમણે એક ઘવાયેલા ગધેડાને પડેલા ઘામાં સડો થવાથી ખૂબ પીડાતું જોયું. ઘા સાફ કરી સંતે તેના ઘા પર પાટો બાંધી દીધો.

છપ્પનિયા દુષ્કાળમાં લોકોને ભૂખથી પીડાતા જોઈ સંતનું હૃદય ખૂબ દ્રવી જતું. તેઓ દરરોજ ૨૫ મણ લોટના રોટલા કરાવતા અને દરેક વ્યક્તિને એક શેર લોટના રોટલા અને પાશેર દાળ આપતા. આસપાસના વિસ્તારની બહેનો સેવાર્થે રોટલા ઘડી આપતી અને દાળ બનાવી આપતી. ખેડૂતો અનાજ ઉઘરાવી લાવીને ગાડે ગાડાં ઠાલવતા. આમ સરયૂમંદિર લોકસેવાનું એક મહાન તીર્થ બની ગયું હતું.

સંતનાં પૂર્વાશ્રમનાં બહેન જમનાબેનને અમદાવાદમાં પરણાવેલાં. તે આંખે અંધ અને ગરીબ સ્થિતિનાં હતાં. સંતના એક ભક્ત ત્રિકમભાઈએ દર વર્ષે સો રૂપિયા જમનાબેનને આપવા ઈચ્છા બતાવી. સંતે ત્રિકમભાઈને તો કંઈ ન કહ્યું, પણ જમનાબેનને કહ્યું : 'એવી મદદ લેવા કરતાં તો રોજ કોઈના ઘઉં દળીને જે મજૂરી મળે તેનાથી પેટ ભરવું સારું' અને જમનાબેને એમ જ કરીને જિંદગી ગૌરવપૂર્વક પૂરી કરી.

શિયાળાની ઠંડીના સમયમાં કોઈ એમને ઓઢવા માટે કાંબળો આપે તો મોડી રાત્રે કડકડતી ઠંડીથી ધ્રુજતા કોઈ ગરીબ માનવીને તે ઓઢાડી આવતા.

એક ભક્તે તેમને ભોજન માટે બોલાવ્યા. એમની સાથે જમવા બેઠેલા સૌ દૂધપાકનું જમણ જમવા લાગ્યા ત્યારે સંતે પોતાની ઝોળીમાંથી રોટલો કાઢી આરોગ્યો. આ જોઈ યજમાનને દુઃખ લાગ્યું. ત્યારે સંતે કહ્યું : ''માઈ, માફ કરો. તમે દુઃખ ન લગાડશો. ઈશ્વરભજન કરનારે તો સાદો ખોરાક જ ખાવો જોઈએને !''

એક વિધવા ડોશીમાં. એમને સંતાન નહિ. જેઠના દીકરા હતા, પણ તેમની સાથે રાગ નહિ. એટલે પોતાને રહેવાના ઘર ઉપરાંત એક બીજું વધારાનું ઘર હતું, તે મંદિરને અર્પણ કરવા સંતને વાત કરી. સંતે ડોશીમાને કહ્યું : ''માજી, મંદિરને ઘરની કંઈ ખોટ નથી. એના કરતાં ઘરની જરૂરિયાતવાળા તમારા કુટુંબના છોકરાને જ આ ઘર આપી દો તો પ્રભુને બહુ ગમશે.'' પણ ડોશીમાએ તો મંદિરને જ ઘર આપવાનો આગ્રહ રાખ્યો. છેવટે સંતે ઘર સ્વીકાર્યું પણ ડોશીમાના જેઠના છોકરા અને ડોશીમા વચ્ચે સંતે રાગ પણ કરાવી દીધો. આમ આ સંતની નિશ્રામાં સંસારીઓ દુઃખમુક્ત થતા અને તેમની સંસારવાટિકા પ્રેમથી સિંચાઈને નવપલ્લવિત થતી. સમાજસેવાનો પ્રભુસેવા સાથે સેતુ બાંધનાર, આ એક વિરલ સંત હતા.

કહેવાય છે કે, આ સંતે કોઈ આકસ્મિક કારણે નિયત સમયે જ્યારે કથા કરવા આવી શકતા નહિ, ત્યારે ભક્તને આધીન ભગવાન ખુદ તે સમયે કથા કરી જતા.

એક જ સમયગાળામાં થઈ ગયેલ ધર્મપુરુષ દરબારશ્રી સૂર્યમલસિંહજી પાટડીના રાજર્ષિ હતા, તો સંત સરયૂદાસજી બ્રહ્મર્ષિ હતા.

આવા, જનસેવાના ભેખધારી, દુખિયાના બેલી, સંસ્કાર ઘડવૈયા, પરમ પ્રભુભક્ત સંત સરયૂદાસજી સને ૧૯૧૨, સંવત ૧૯૬૮ના કારતક વદ ૩ના દિને ધ્યાનાવસ્થામાં નશ્વર દેહનો ત્યાગ કરી પ્રભુચરણ પામ્યા. તેઓશ્રીના અંત્યેષ્ટી સંસ્કાર સમયે લગભગ ૨૦,૦૦૦ વીસ હજાર જેટલા ભાવિક ભક્તો ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવા સાબરમતીના કિનારે એકત્ર થયા હતા. સંતના માનમાં અમદાવાદના પાંચ કૂવા કાપડ મહાજને પાકી પાળેલી. સંતના જન્મના ૧૫૧માં વર્ષે પાટડી દરબાર સાહેબ પૂ. કિશનસિંહજી અને પાટડી બંધુસમાજ-અમદાવાદના પ્રમુખશ્રી દરબાર શ્રી કરણીસિંહજી અને ભાઇઓ તરફથી રૂા. ૫૧,૦૦૧/-ના ઉદાર દાનથી પાટડીમાં પાંચ હાટડી પાસેના જાનરાયજી મંદિર સામે સંતની આરસની પ્રતિમા (બાવલું) ઈ.સ. ૨૦૦૦માં ખૂલ્લુ મૂકાયું. પાટડીના પાંચ હાટડીથી પસાર થતા રાજમાર્ગને સંત સરયૂદાસજી માર્ગ નામ આપવાનું તેમજ જાનરાયજી મંદિર પાસેથી જગ્યા સંતની પ્રતિમા મૂકવા માટે ફાળવીને પાટડી ગ્રામ પંચાયતના સરપંચશ્રી નવનીતભાઈ અને ઉપસરપંચશ્રી ભાવસાર તેમજ પંચાયતના સભ્યોએ પાટડીની જનતાની સંત પ્રત્યેની ધાર્મિક ભાવનાને ખૂબ માન આપ્યું છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.



- પ્રભાતકુમાર મ. દેસાઈ

પાટીદાર સુરાપુરા

મનજી બાપા લબકામણા

ગામ : સડલા

મનજી બાપા લબકામણા, ગામ સડલા, તા.મૂળી, જી. સુરેન્દ્રનગર



મોટા લબકામણા પરિવાર
ગામ : સડલા તા. મૂળી જિ. સુરેન્દ્રનગર
શૂરાપુરા બાપા : - શ્રી મનજીબાપા પૂજાય છે.

"કાયા જાજો સાબદી, નાક મ જાજો નખ;
પાણી ન જાજો પાવળું, લોહી ભલે જાય લખ્ખ".

સડલા ગામ એટલે ભક્તિ અને શૂરવીરતાને વરેલું ગામ. આ ગામની પાવનકારી ભોમકામાં ઘણા શૂરવીરો પણ થઈ ગયા છે. સ્વ. ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં આલેક કરપડાની વાર્તા આવે છે. આ શૂરવીર આ ભૂમિમાં થયા છે. આ મનજીબાપા પણ ખરેખર શૂરવીર હતા. બાપા સડલાથી બાજુમાં રામપરા ગામે ગરેડી લેવા ગયા હતા અને ગરેડી લઈને આવતા હતા ત્યારે ગામ સડલાની ગાયોને બહારવટિયાઓ હાંકી જતા હતા ત્યારે બાપાને શૂરાતન ચડ્યું અને બાપા ગાયો બચાવવા ધીંગાણે ચડ્યા. જબરું ધીંગાણું ચાલ્યું. બહારવટિયાઓને માર્યા અને બાપા પણ શહીદ થઈ વીરગતિ પામ્યા. બાપાએ ગાયોને બચાવી. મનજીબાપાની ખાંભી રામપરા ગામના પાદરમાં આવેલી છે અને સડલા ગામે બાપાનો પાળિયો પૂજાય છે. બાપાનું નિવેદ કાળીચૌદશેં સવાયા ચોખામાં થાય છે. તળાવ કાંઠે બાપાની શૂરવીરતા સમો પાળિયો આજે પણ પૂજાય છે. મોટા લબકામણા પરિવારની બહેનો તળાવે કપડાં ધોવા આવે ત્યારે બુઝુર્ગ બહેનો લાજ કાઢે છે અથવા બાપાની સામે તેનું મુખ ન રહે એ રીતે કપડાં ધોવા આવે છે.

'ગૌરક્ષક મનજી બાપાની જય હો'

પાટીદાર સુરાપુરા

મનજી બાપા તરેટીયા

ગામ : વણા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

મનજી બાપા તરેટીયા ગામ - વણા તા. લખતર



ટ્રેટીયા (તરેટીયા) પરિવાર
ગામ : વણા તા. લખતર જિ. સુરેન્દ્રનગર
શૂરાપુરાબાપા : શ્રી મનજીબાપા પૂજાય છે.

મનજીબાપા ગાયો બચાવવા ગયેલા અને વીરગતિ પામેલા. બાપાનો પાળિયો વણા ગામે તળાવની પાળે પૂજાય છે. આ ગામે ગાયો લૂંટવા લૂંટારાઓ આવેલા અને મનજીબાપા હાથમાં હથિયારો લઈ ધીંગાણે ચડ્યા, ગાયોને લૂંટતા બચાવી, ગામને પણ બચાવ્યું. અનેક ઘાવો સહન કર્યા અને મનજીબાપા શહીદ થયા.

"ભલઘોડા વણ વંકડા, હલ બાંધવા હથિયાર;
જાજી ફોજમાં જીકવા, મરવું એક જ વાર".



દેવરાજભાઈ કરડાણી




વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

ઔદ્યોગિક અને સામાજિક ક્ષેત્રે સન્માનીય સ્વ. જયકૃષ્ણ હરિવલ્લભદાસ

જન્મ : તા. ૩૧-૧૦-૧૯૧૯ દેહાંત : તા. ૧૮-૦૧-૨૦૦૧

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



સ્વ. જયકૃષ્ણ હરિવલ્લભદાસ

ઘટનાઓની પરંપરાથી સમાજનો ઇતિહાસ ઘડાય છે. જ્યાં ગતિ છે ત્યાં પ્રગતિ છે. વ્યક્તિગત જીવનમાં કે પછી સામાજિક જીવનમાં ઘટનાઓનું મહત્ત્વ તો રહેવાનું જ. ઘટના વિના ગતિ કે પ્રગતિ સંભવી જ ન શકે. ઘટનાહીન જીવન એટલે સ્થગિતતા. વ્યક્તિને કે સમાજને આવી સ્થગિતતા ક્યારેય ન પાલવે. આમ સંસાર કે સમાજ સતત ગતિશીલ રહેવાનો જ. સંસારની કે સમાજની ગતિશીલતામાં કેટલીક વ્યક્તિઓનું મહત્ત્વનું પ્રદાન હોય છે. આવી કેટલીક વ્યક્તિઓએ ગતિવંત રહી સંસારને - સમાજને વધુ ને વધુ સોહામણો બનાવ્યો છે.

આવી વિશિષ્ટ વ્યક્તિઓમાં કડવા પાટીદાર સમાજના મોરપિચ્છ સમાન શ્રી જયકૃષ્ણ હરિવલ્લભ પણ ગુજરાતના ઔદ્યોગિક તેમજ જાહેર જીવનના ક્ષેત્રે ગુજરાતને મળેલ મહામૂલી મહાજનવિભૂતિ હતા. ગુજરાતને વિવિધ ક્ષેત્રે ખમીરવંતું બનાવનાર આંગળીને વેઢે ગણાય તેટલા મહાનુભાવોમાં સ્વ. જયકૃષ્ણભાઈનો સમાવેશ અનિવાર્ય થઈ પડે. જયકૃષ્ણભાઈએ પોતાના જીવનપુષ્પને મહેકતું બનાવીને, જીવનને લોકકાર્યમાં સદુપયોગી બનાવીને, જીવતરને પરમાર્થી - માનવતાવાદી બનાવીને ગુજરાતના જાહેર જીવનને ગૌરવવંતું બનાવ્યું છે તેમ કહીએ તો તેમાં રજમાત્ર પણ અતિશયોક્તિ નથી જ...

ગુજરાતના અગ્રિમ પંક્તિના ઉદ્યોગપતિ તરીકે, જાહેર સંસ્થાઓના પારદર્શક વહિવટકર્તા તરીકે, સામાજિક સંસ્થાઓમાં તન-મન-ધનથી સેવારત રહીને તેઓએ જીવનના વિવિધ ક્ષેત્રે પોતાની કાર્યક્ષમતા અને ધ્યેયનિષ્ઠાનો પરિચય આપ્યો હતો. તેમની વહીવટી સૂઝ અને મૌલિક વિચારધારા તેમના સંપર્કમાં આવનાર સહુ કોઈને પ્રભાવિત કરતી. પિતાશ્રી હરિવલ્લભદાસનો સ્વર્ગવાસ થતાં જ જયકૃષ્ણભાઈને માત્ર ૧૮ વર્ષની નાની ઉંમરે વેપાર-ઉદ્યોગના ક્ષેત્રે આવવું પડ્યું. કૌટુંબિક ટેક્ષટાઇલ મિલ્સનો કાર્યભાર સંભાળવો પડ્યો. અહીં પણ તેમને પોતાની આગવી કાર્યપદ્ધતિ થકી ઘણા ટૂંકા સમયગાળામાં એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ તરીકે નામના અર્જિત કરી. નાના ભાઈઓને પણ પુત્રવત્ પ્રેમ આપી, તૈયાર કરી, તેમને પણ કૌટુંબિક 'શ્રી અંબિકા ગ્રૂપ' ની મિલોના વહીવટમાં સક્રિય બનાવ્યા.

માત્ર ઉદ્યોગ ક્ષેત્રે પ્રવૃત્ત ન રહેતાં તેઓ ગુજરાતના જાહેર જીવન તરફ વળ્યા. મહાજન થઈ જાહેર, જીવનમાં મહત્ત્વનું પ્રદાન કરનાર શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ તેમજ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવાઓની ગૌરવવંતી પરંપરાના શ્રી જયકૃષ્ણભાઈ પથગામી બન્યા. ગાંધીજીના આદેશ અનુસાર કંડારાયેલ આ મહાજન પરંપરાને તેમણે વધુ સુદૃઢ બનાવી. ટેક્ષટાઇલ ક્ષેત્રે શોધ-સંશોધન કરતી સંસ્થા 'અટિરા' ની વહીવટી સભાના તેઓ આઠ વર્ષ પ્રમુખ તરીકે રહ્યા અને તેની ગવર્નિંગ કાઉન્સિલમાં આશરે ૨૮ વર્ષ સેવાઓ આપી. એટલું જ નહીં, અમદાવાદ મિલમાલિક મંડળના પ્રમુખ તરીકે તેમનું યોગદાન મહત્ત્વનું પુરવાર થયું. ગુજરાત વહેપારી મહામંડળના નવા

મકાન માટે તેમણે આપેલ માતબર દાનમાંથી બનેલ 'ધ ગુજરાત ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી'નું અદ્યતન સંકુલ ગુજરાતના ધંધા-ઉદ્યોગ ક્ષેત્રને તેમણે આપેલી મહામૂલી ભેટ છે. ઈ. સ. ૧૯૬૧ અને ઈ.સ. ૧૯૬૩માં અનુક્રમે તેઓ ગવર્નમેન્ટ ઑફ આરબ રિપબ્લિકના આમંત્રણથી રૂની ગુણવત્તા અને ઉત્પાદનની વૃદ્ધિ માટે ઈજિપ્તની મુલાકાતે ગયા. તેવી રીતે અમેરિકન સરકારના આમંત્રણથી તેઓએ યુ.એસ.એ. નો સફળ ઔદ્યોગિક-અભ્યાસપ્રવાસ પણ કર્યો.

ટેક્ષટાઇલ ઉદ્યોગની સાથે સાથે તેઓ અન્ય ઉદ્યોગને પ્રોત્સાહન પૂરું પાડવા હંમેશાં તત્પર રહેતા. ગુજરાત રાજ્યએ સાધેલ સર્વાંગીણ વિકાસમાં શ્રી જયકૃષ્ણભાઈના પ્રદાનની નોંધ લેવી જ પડે. ગુજરાતના જાહેર સાહસ તરીકે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપની (જી.એસ.એફ.સી.)ની સ્થાપના કરવામાં આવી. ગુજરાતના કૃષિ ક્ષેત્રને સમૃદ્ધ બનાવવામાં જી.એસ.એફ.સી.ની સ્થાપના મહત્ત્વપૂર્ણ બની રહેનાર હતી ત્યારે એના સ્થાપનાકાળથી માંડી સતત ૨૭ વર્ષ આ સંસ્થાના વિકાસમાં તેના ચેરમેન તરીકે મહત્ત્વનું પ્રદાન કરનાર શ્રી જયકૃષ્ણભાઈએ જી.એસ.એફ.સી.ને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાના ઉત્કૃષ્ટ વહીવટ દ્વારા નામના અપાવી. આવી જ રીતે ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ કંપનીના ચેરમેન તરીકે પણ તેમની સેવાઓ કંપનીના વિકાસ માટે મહત્ત્વની પુરવાર થઈ.

ઈ.સ. ૧૯૫૨માં મુંબઈ ધારાસભાની ચૂંટણી આવી. ગુજરાતના ઉદ્યોગ ક્ષેત્રે સક્રિય મહાનુભાવોને લાગ્યું કે ઉદ્યોગ ક્ષેત્રનો કોઈ બાહોશ પ્રતિનિધિ ધારાસભામાં હોય તો આપણા પ્રશ્નોને યોગ્ય વાચા મળે અને તે માટે તેઓએ શ્રી જયકૃષ્ણભાઈનું નામ સૂચવ્યું. આમ માત્ર ૩૧ વર્ષની યુવાન વયે શ્રી જયકૃષ્ણભાઈ મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. જાહેર જીવનમાં તેમની લોકપ્રિયતા અને ધારાસભ્ય તરીકે તેમની કાર્યકુશળતાએ જ કદાચ તેઓને અમદાવાદ નગરપતિ (મેયર) બનાવ્યા. તેમના મેયર તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે આ મહાનગરને સ્વચ્છતા અને સૌંદર્યપૂર્ણતા બક્ષી.

ગુજરાતની સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પોતાનું શ્રેષ્ઠતમ પ્રદાન કરનાર શ્રી જયકૃષ્ણભાઈએ તે સમયગાળા દરમિયાન ઇંગ્લેન્ડ, અમેરિકા, જર્મની, જાપાન તેમજ સ્વિટ્ઝરલેન્ડ જેવા વિકસિત દેશોનો અભ્યાસપ્રવાસ કરી શહેર અને રાજ્યનાં વિવિધ ક્ષેત્રે આધુનિકીકરણ લાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી. તેમની જાપાન મુલાકાતના સમયે જાપાનના નામદાર શહેનશાહે એમને 'ધી ઑર્ડર ઑફ ધ રાઇઝિંગ સન' નો એવૉર્ડ આપી સન્માનિત કર્યાં હતા. શ્રી જયકૃષ્ણભાઈના વ્યક્તિત્વમાં જ એવું કાંઈક હતું જેનાથી તેઓ જે તે ક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરવામાં સફળ રહેતા.

શ્રી જયકૃષ્ણભાઈએ રાજકીય ક્ષેત્રે સક્રિય રહી રાજ્યના કોંગ્રેસ પક્ષ પ્રમુખ તરીકે નોંધપાત્ર કાર્યો કર્યાં. એટલું જ નહીં પરંતુ તેઓ જે જે સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા તે તે સંસ્થાઓ તેમની રાહબરી હેઠળ સતત વિકાસ પામતી રહી. જેમાં ગુજરાત કૅન્સર સોસાયટી, અમદાવાદ મિલમાલિક મંડળ, ગુજરાત ક્રિકેટ એસોસિએશન, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., સોમનાથ મંદિર ટ્રસ્ટ, સ્પૉર્ટ્સ ક્લબ વગેરે મુખ્ય છે. તેમના સામાજિક ક્ષેત્ર પ્રદાન બદલ 'ઑલ ઇન્ડિયા સરદાર પટેલ ફાઉન્ડેશન' તરફથી 'સમાજરત્ન'નો એવૉર્ડ એનાયત થયો હતો. તેમની ઔદ્યોગિક ક્ષેત્રે સક્રિય કામગીરી માટે તેઓને 'રાજીવ ગાંધી ગોલ્ડ મેડલ'થી સન્માનવામાં આવ્યા હતા. પોતાના પાટીદાર સમાજથી લઈને નગર, રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમની વિશિષ્ટ સેવાઓ ખરેખર વંદનીય રહી હતી.

શ્રી મોરારજીભાઈ દેસાઈ બાદ ૧૯૯૫ પછી સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે જયકૃષ્ણભાઈના કુશળ નેતૃત્વ હેઠળ મંદિર તૈયાર થતાં સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પો સાકારિત થયા. ઈ.સ. ૨૦૦૨માં શ્રી સોમનાથ ટ્રસ્ટ તેમના વડપણ હેઠળ સોમનાથ જ્યોતિર્લિંગ પ્રાણ-પ્રતિષ્ઠાની સુવર્ણજયંતિ ઊજવવામાં આવી. આમ ધાર્મિક ક્ષેત્રે પણ તેઓ સાતત્યપૂર્ણ સેવારત રહ્યા હતા. આરોગ્ય ક્ષેત્રે તેમણે આપેલ સેવાઓ પ્રેરણાદાયી પુરવાર થઈ. ગુજરાત કૅન્સર સોસાયટી જેવી દેશની નામવર સંસ્થામાં સતત ૪૦ વર્ષ સુધી તેઓ ચેરમેન તરીકે પ્રવૃત્તિશીલ રહ્યા. ત્યાર બાદ સ્થપાયેલી કૅન્સર ઇન્સ્ટિટ્યૂટમાં પણ તેઓ ચેરમેન પદે રહી સંસ્થાના રાહબર બની રહ્યા. ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે પણ તેમની સેવાઓ સરાહનીય બની રહી. જેના દ્વારા વિવિધ કક્ષાની કેળવણી અને શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન થાય છે, તે સમગ્ર ગુજરાતની મહત્ત્વની

સંસ્થા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી અને પ્રવૃત્ત પ્રમુખ તરીકે યોગદાન યશસ્વી રહ્યું. તેમના પિતાશ્રી સ્મૃતિમાં તેમણે આપેલ દાનમાંથી સાકારિત થયેલ અમદાવાદની એચ.કે. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ આર્ટસ્‌ના સંચાલનમાં પણ તેઓ પ્રમુખ તરીકે સક્રિય રહ્યા. દુનિયાભરમાં જાણીતી અમદાવાદની નૅશનલ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ, તેમજ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ જેવી સંસ્થાઓમાં દાયકાઓ સુધી માનદ્ સેવાઓ આપી કેળવણી ક્ષેત્રે તેમણે સમર્પિત ભૂમિકા ભજવી હતી.

શ્રી મહીપતરામ રૂપરામ આશ્રમનાં અનાથ બાળકોની કેળવણી, તાલીમ અને શિક્ષણ માટે તેઓએ સતત ૪૭ વર્ષ સેવાઓ અર્પિત કરી. તેમના મૃત્યુ પછી તેમનાં પત્ની પદ્માબહેન આ સંસ્થાના વહીવટમાં સક્રિય રસ લઈ તન-મન-ધનથી સેવારત રહ્યાં છે. જયકૃષ્ણભાઈ જેવા વિવિધ ક્ષેત્રે સફળ વ્યક્તિત્વ પાછળ તેમનાં ધર્મપત્ની પદ્માબહેનનું સમર્પિત યોગદાન રહ્યું છે. જયકૃષ્ણભાઈના જાહેર જીવનના ભર્યાભર્યા દૈનિક સમયપત્રકમાં ઘર - પરિવાર - બાળકોની જવાબદારી નિભાવવાની, જવાબદારી પદ્માબહેને સંભાળી લીધી હતી, સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં પતિને મદદરૂપ થવા પણ તેઓ હંમેશ તત્પર રહેતાં. સુપાત્રને દાન આપી તેને પ્રોત્સાહન પૂરું પાડવાની તેમની આગવી શૈલી રહી હતી. લાગણી અને સદ્‌ભાવનાથી પ્રેરાઈને આમંત્રણ મળે તો, તેઓ નાનામાં નાના માણસના પ્રસંગમાં ઉપસ્થિત રહેતા. પછી ભલે તે સામાન્ય મિલમજદૂર કેમ નથી હોતો?.....

આવા બહુમુખી પ્રતિભા ધરાવતા સ્વસ્થ અને સંવેદનશીલ પાટીદાર અગ્રણીની ગુજરાત આખાને બહુવિધ ક્ષેત્રે સક્રિય સેવાઓ મળી છે. તેઓએ જે જે ક્ષેત્રમાં કામ કર્યું, તે દરેક ક્ષેત્રે તેમની સ્મૃતિ ચિરંજીવ બની રહેશે તે નિ:શંક છે.

"ધરતી થી આકાશ" માથી સાભાર



અમર પંડિત

ઈશ્વરપ્રેમ

ફુડૈલ પહેલાં લૂંટારો હતો. વાલ્મીકિ ઋષિની જેમ એ પાછળથી ધર્મનિષ્ઠ થઈ ગયો. એ ધીમે ધીમે સૂફીવાદ તરફ ખેંચાયો. એ માનતો થયો કે ઈશ્વર એક જ સત્ય છે અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ એકમાત્ર સાચો પ્રેમ છે.

એક દિવસ આંખ ઉઘાડી નાખે એવો અનુભવ ફુડૈલને થયો. તેના નાકડા પુત્રને ખોળામાં લઈને એ રમાડતો હતો. પુત્રને ખૂબ વહાલ કરી કરી એ હલાવતો જતો હતો. પુત્રને એણે બચીઓથી નવડાવી દીધો.

તેના પુત્રે ફુડૈલને પૂછ્યું, 'બાપુ, શું તમે મને પ્રેમ કરો છો?'

ફુડૈલે જવાબ આપ્યો, 'હા બેટા, હું તને ખૂબ જ પ્રેમ કરું છું.'

'પણ તમે મને ઘણી વાર કહ્યું છે કે, તમે ખુદાને ખૂબ પ્રેમ કરો છો.'

'હા બેટા, હું ખુદાને પણ અનહદ પ્રેમ કરું છું.'

'પણ બાપુ, તમે એક હૃદયથી બે જણને કેવી રીતે પ્રેમ કરી શકો?' દીકરાએ નિર્દોષભાવે પૂછ્યું.

ફુડૈલને એકાએક ભાન થયું કે તે જેને પ્રેમ માનતો હતો એ ખરેખર તો લાગણીથી ભરેલો મોહ હતો. તેણે આવા વ્યામોહ કરતાં વધારે ઉચ્ચ કક્ષાના શુદ્ધ પ્રેમ તરફ પહોંચવાનું છે. આથી ફુડૈલે કહ્યું છે, 'જેને માનવજાતનો સૌથી ઉમદા ભાવ ગણવામાં આવે છે તે ખરેખર તો સર્વોત્તમ પ્રકારના સંબંધ કરતાં નીચું સ્થાન ધરાવે છે. માણસે તેનાથી ઉપર થઈ આગળ વધવાનું છે.'


પાતોના બાળક પ્રત્યેનું વાત્સલ્ય, ભાઈ-બહેનનું વહાલ, પતિ-પત્નીનો સ્નેહ, મિત્ર તરફનો ભાવ આ બધી સારી ભાવનાઓ છે. ઈશ્વરના પ્રતિબિંબરૂપે તેમના પ્રત્યે પ્રેમની લાગણી થાય એટલે સુધી ઠીક છે, પણ તે મોહસ્વરૂપે હોય તો ઈશ્વરપ્રેમમાં બાધારૂપ થાય. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ સાચો અને સૌથી ઊંચો પ્રેમ છે.

(પાંદડે પાંદડે જ્યોતિમાંથી)

વિભાગ : ૫ આરોગ્ય : પહેલું સુખ તે જાતે નર્યા

આયર્ન ડેફિશિયન્સી એનિમિયા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



એક અત્યન્ત કોમન પણ ગંભીર રોગ :

(મહિલાઓ ખાસ આ અંગે જાણે. પુત્રીને ચાહતાં માતા-પિતા અને પત્નીને ચાહતા પતિ પણ વાંચે. લેખ લાંબો છે, સ્ટેપ બાય સ્ટેપ, ધીમે ધીમે સમજતા જઈ અને અંદર ઉતરો.)

આ લેખ મહત્વનો છે એ નીચેનાં ફીગર્સ જોવાથી વધુ સમજાશે. આ ફીગર્સ નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે - ૫ નાં છે, 2019-2021 ભારત અને ગુજરાતની કંપેરિઝન છે.

(૧) પાંચ વર્ષથી નાનાં બાળકોમાં એનિમિયા:
ભારત 67% ગુજરાત 80%

(૨) કિશોરીઓ:
ભારત 59% ગુજરાત 69%

(૩) મહિલાઓ:
ભારત 57% ગુજરાત 69%

આજે એનિમિયા નામના રોગ વિષે વાત કરવી છે, જેને પાંડુરોગ પણ કહે છે. એ એટલો બધો કોમન છે કે જેની કલ્પના પણ ન થઈ શકે. સ્ત્રીઓમાં તો એ ખાસ કોમન છે અને બીજી વાત એ કે આ રોગ એટલું બધું નુકસાન પહોંચાડે છે કે જેની કલ્પના પણ ન થઈ શકે અને ત્રીજી વાત એ કે એને મટાડવો કે અટકાવવો એટલો સરળ છે કે એની પણ કલ્પના ન થઈ શકે ! આ રોગ આજની તારીખમાં મારાં કે તમારાં ઘરમાં પણ કોઈને હોઈ શકે છે !

આ કારણોથી આ રોગ શું છે એ સમજવા પ્રયત્ન કરવો જ રહ્યો, જે ખૂબ રસપ્રદ છે અને આવશ્યક પણ. આપણે જાણીએ છીએ કે જીવતા રહેવા માટે અને પોતાનું કામ સારી રીતે કરતા રહેવા માટે શરીરના એકેએક કોષને ઓક્સિજન જોઈએ છે. ખોરાક અને પાણી વગર આપણે થોડો વખત જીવી શકીએ પણ ઓક્સિજન વગર? એક મિનિટ પણ નહીં. આપણે એ પણ જાણીએ છીએ કે આ માટે આપણી શ્વસનક્રિયા સતત ચાલતી રહે છે. આપણે ઊંઘમાં ખોરાક કે પાણી નથી લેતા પણ શ્વાસ તો લીધા જ કરવો પડે છે. હવે આ કોષો ઓક્સિજનનું કરે છે શું ? જવાબ છે કે એ ઓક્સિજનની હાજરીમાં કોષો પાતાની અંદર ગ્લુકોઝનું દહન કરી અને ઉષ્મા ઉત્પન્ન કરે છે અને આ ઉષ્મા શક્તિ એ જ જીવન છે. ઓક્સિજન વગર કોઈ પણ દહન શક્ય નથી. એક રીતે જુઓ તો કોષો એ નાની નાની ફેક્ટરીઓ છે અને એમાં ભઠ્ઠી સતત બળતી રહે છે અને તે માટે ઓક્સિજનની સતત જરૂર રહે છે. ઉત્પન્ન થતી શક્તિ જ કોષને જીવતો રાખે છે, એટલું જ નહીં પણ કોષ વિભિન્ન પ્રકારનાં પોતાનાં સ્પેસિફિક કાર્યો પણ કરી શકે છે.

તો આ રીતે શ્વાસમાં ઓક્સિજન લેવાય છે, કોષ એનો ઉપયોગ કરીને શક્તિ ઉત્પન્ન કરે છે એ તો સમજ્યા પણ આ ઓક્સિજનને શરીરના અબજો કોષો સુધી પહોંચાડવાની કપરી કામગીરી થાય છે, કઈ રીતે ? કોણ એ અત્યંત કાર્યક્ષમ ટ્રાન્સપોર્ટ? એ ટ્રાન્સપોર્ટ છે લોહી-બ્લડ.

આવો, આપણે થોડા ઊંડાણથી સમજીએ બ્લડ આ અદભૂત કાર્ય કઈ રીતે કરે છે. બ્લડને હૃદય દ્વારા પમ્પ કરવામાં આવે છે અને ધમનીઓમાં (આર્ટરીઝ) એ આગળ વધે છે અને ખૂબ ઝીણી, વાળ કરતાં પણ પાતળી કેશવાહીઓ (કેપિલરીઝ)માં વહેંચાઈ જાય છે અને આ કેપિલરીઝનું નેટવર્ક આપણાં શરીરના તમામ કોષોની વચ્ચેની સ્પેઈસમાં ફરી વળે છે. શહેરના મુખ્ય અને મોટા પાણીના ટાંકામાંથી ખૂબ નાની પાઈપલાઈનોથી પાણી

આપણે ઘરે પહોંચે છે, એના જેવું જ આ છે.

હવે આગળ વધીએ. આપણે નાક વડે શ્વાસ લઈએ છીએ એ હવા ફેફસાંમાં જાય છે અને ત્યાં આવેલાં કેપિલરીઝનાં જાળાંઓ આપણે લીધેલી હવામાંનો ઓક્સિજન લઈ લે છે. હવે એ કેવી રીતે લે છે અને કેવી રીતે એને ટ્રાન્સપોર્ટ કરે છે એ સમજવા હજી બે-ત્રણ પગથિયાં નીચે ઉતરીએ. બ્લડની અંદર ઘણું બધું આવેલું છે જે રીતે એક શહેરના રોડ ઉપર અનેક જાતનાં વાહનો જોવા મળે એ રીતે. અહીં આપણે જેની વાત કરવાની છે એ છે લોહીમાં રહેલાં રક્તકણો, જેને રેડ બ્લડ સેલ્સ કહે છે. આ પણ એક જાતના કોષો જ છે પણ એમનામાં એક એવી ખૂબી છે કે શરીરના બીજા એક પણ જાતના કોષમાં નથી અને તે એ છે કે એનામાં કોષ કેન્દ્ર જ નથી ! બીજી રીતે જુઓ તો આ રક્તકણો એ બેગઝ જેવાં છે અને એમાં ભરેલું હોય છે હિમોગ્લોબિન. (હિમોગ્લોબિન શબ્દ યાદ આવે છે ? ‘‘બાય ધ હિમોગ્લોબીન, ઓફ ધ હાયપોથેટીક પ્રેશર ઈન ધ કન્ટ્રી’’ જી હા, એન્થની ગોન્સાલ્વીસ, અમર અકબર એન્થની !

આ હિમોગ્લોબીન જ એ વસ્તુ છે જે આખાં શરીરના એકેએક કોષને ઓક્સિજન પહોંચાડે છે. આપણે જોયું તે રીતે બ્લડ જ્યારે ફેફસાંની કેશવાહીનીઓમાં પહોંચે છે ત્યારે રક્તકણોમાંનું હિમોગ્લોબીન ત્યાંથી હવામાંથી ઓક્સિજન ખેંચી લે છે અને પોતે ઓક્સીહિમોગ્લોબીન બની જાય છે. ત્યારબાદ આ ઓક્સીહિમોગ્લોબીન ધરાવતાં રક્તકણોની સવારી બ્લડ મારફતે ઉપડે છે આખાં શરીરમાં, જે કાર્ય હૃદયનાં પંપીંગથી થાય છે. આર્ટરીઝમાં બ્લડ આગળ વધે છે અને કોષોની વચ્ચે જગ્યાઓ છે ત્યાં સુધી પહોંચીને આર્ટરીઓ વાળથી પણ પાતળી કેપિલરીઝમાં ફેલાઈ જાય છે. કોષોને એ ત્યાં ઓક્સિજન આપી દે છે. હવે આ જે હિમોગ્લોબીન છે તેને ખાલી હાથે પાછા ફરવાનું નથી ગમતું અને એટલે એ એક પંથ દો કાજ એ ન્યાયે એક બીજું અગત્યનું કામ કરે છે. એ હિમોગ્લોબીન કોષમાં દહનને અંતે ઉત્પન્ન થયેલા કાર્બનડાયોક્સાઇડ વાયુને પોતાની અંદર સમાવી લે છે અને કાર્બોક્સીહિમોગ્લોબીન બની જાય છે અને શીરાઓ એટલે કે વેઈન્સ દ્વારા બ્લડ પાછું ફેફસાં તરફ જાય છે અને ફેફસાંને આ બ્લડ એ કાર્બનડાયોક્સાઇડ અને પાણીની વરાળ આપી દે છે જે બિનજરૂરી હોવાથી આપણે ઉચ્છ્વાસ દ્વારા એ બન્નેને બહાર ફેંકી દઈએ છીએ. ફરી એ ખાલી થયેલું હિમોગ્લોબીન ઓક્સિજન લે છે અને સવારી પાછી ઉપડે છે કોષો તરફ. આ ચક્ર સતત ચાલ્યા જ કરે છે અને વાતાવરણનો ઓક્સિજન કોષો સુધી પહોંચે છે અને કાર્બનડાયોક્સાઇડ વાતાવરણમાં ફેંકી દેવામાં આવે છે. આ રીતે બ્લડ એક એવો ટ્રાન્સપોર્ટ છે કે જે ઉપયોગી ચીજો કોષો સુધી પહોંચાડે તો છે પણ પાછું નકામા પદાર્થો લઈ અને ફેંકી દેવા માટેનું કામ પણ કરે છે. આ આખી ક્લોઝડ સર્કીટ છે.

હવે આપણે એનિમિયા પર આવી જઈએ. એનિમિયા અનેક પ્રકારના છે અને અનેક કારણોથી થાય છે પણ આપણે અહીં જોવાનો છે આર્યન ડેફિશિયનસી એનિમિયા એટલે કે લોહતત્વની ઉણપથી થતો એનિમિયા. જે સૌથી કોમન છે અને મોટે ભાગે કુપોષણને કારણે થાય છે. અહીં એ જાણવું જરૂરી છે કે આયર્ન ઉપરાંત વિટામિન બી-૧૨ની ઉણપ પણ એનિમિયામાં ભાગ ભજવે છે અને ફોલીક એસિડ નામનું વિટામિન પણ જરૂરી છે.

હિમોગ્લોબીન શબ્દ બે શબ્દોથી બનેલો છે. હેમ અને ગ્લોબીન. હેમ એટલે આયર્ન અને ગ્લોબીન એ એક પ્રકારનું પ્રોટીન છે. એટલું જ સમજવાનું છે કે જો હિમોગ્લોબીન ઘટી જાય તો એ સ્થિતિને એનિમિયા કહેવાય છે. આપણે હેમ એટલે કે આયર્ન એટલે કે લોહતત્ત્વની ઉણપથી થતા એનિમિયાની વાત કરી રહ્યા છીએ. સીધી વાત છે કે ખોરાકમાં જો આયર્ન ઘટી જાય તો એનિમિયા થાય. આ ઉપરાંત અન્ય કારણોથી પણ આ આયર્નડેફિશિયન્સી એનિમિયા થઈ શકે છે, જેમ કે વધારે પડતો માસિક સ્રાવ આવવો, શરીરમાંથી બલ્ડ જતું રહેવું જેમ કે પાઇલ્સ (હરસ), પેટનું અલ્સર, કોઈ મોટી ઈજા થવી વગેરે. કૃમિઓ-વર્મ્સ એ પણ આપણા દેશમાં આ એનિમિયાનું મહત્ત્વનું કારણ છે, ખાસ કરીને નાનાં બાળકોમાં, આ કૃમિઓ લોહી ચૂસી જાય છે. ડીલીવરી વખતે વધુ બ્લડ થવાથી પણ એનિમિયા થઈ શકે છે અને માતા નબળી હોય અને એના પેટમાં રહેલું બાળક માતાનું આયર્ન ખેંચી લે તો પણ થાય છે. કેન્સરના કોષો પણ અસાધારણ ઝડપથી પોષણ ખાઈ જઈ અને એનિમિયા કરતા હોય છે. સદનસીબે માનવ શરીરમાં વધારાનું આયર્ન સ્ટોર થઈને પડયું હોય છે એ આવે વખતે કામ આવે છે અને બહુ જલ્દી એનિમિયા

નથી થઈ જતો.

મને લાગે છે કે હવે એ સમજાવવું નહીં પડે કે હિમોગ્લોબીન ઓછું થઈ જાય તો શરીરની શું હાલત થાય, અરે ! એ કહો કે શું હાલત ન થાય ! શરીરના એકે એકકોષને ઓક્સિજનની કમી નડવા લાગે, આખા શરીરનો કાર્યભાર ઠપ્પ થવા લાગે, હિમોગ્લોબીન વધારે પડતું નીચઉે જાય તો મૃત્યુ પણ થઈ શકે.

તંદુરસ્ત પુરુષમાં હિમોગ્લોબીન 13.2 થી 16.6 અને તંદુરસ્ત સ્ત્રીમાં એ 11.6 થી 15 ગ્રામ્સ પર ડેસીલીટર હોવું જોઈએ. આનાથી જેમ નીચું જાય તેમ વધુ ગંભીર એનિમિયા. (સરદાર પટેલ 'લોહ પુરુષ' કહેવાતા, એમનું હિમોગ્લોબીન કેટલું રહેતું હશે તે જાણવું જોઈએ !)

આ હિમોગ્લોબીનની લેબોરેટરી તપાસ ખૂબ સરળ અને સસ્તી હોય છે અને બધી જ પેથોલોજી લેબોરેટરીઓમાં થાય છે. ધારે તો માત્ર પાંચ જ મિનિટમાં એનું રિઝલ્ટ આપી દઈ શકે. તરત જ ખબર પડી જાય કે વ્યક્તિ એનિમિક છે કે નહીં ? કેટલો એનિમિક છે ? એટલે કે હિમોગ્લોબીનનું પ્રમાણ કેટલું છે.

એનિમિયા શું છે એ સમજયા પછી હવે આપણે એનિમિયાનાં લક્ષણો જોઈએ.

- *ખૂબ જ થાક લાગવો.*
- *નબળાઈ*
- *ચામડી ફીક્કી પડી જવી*
- *છાતીમાં દુઃખાવો*
- *હૃદયનું ઝડપથી ચાલવું*
- *શ્વાસ લેવામાં તકલીફ અને હાંફ ચડી જવો*
- *માથું દુઃખવું*
- *અંધારાં આવી જવાં*
- *માથું ફરતું હોય તેમ લાગવું*
- *હાથ અને પગ ઠંડા લાગવા*
- *નખ બરડ થઈ જવા, તેમાં ખાડા પડી જવા.*
- *પોષણ ન આપતા પદાર્થો ખાવાની તીવ્ર ઝંખના થવી, જેવા કે બરફ, ધૂળ કે સ્ટાર્ચ*
- *સાવ નાનાં અને નાનાં બાળકોમાં ભૂખ ઓછી થઈ જવી.*

ડૉક્ટરને જ્યારે એનિમિયા હોવાની શંકા જાય છે ત્યારે તરત એ પેશન્ટની હથેળી, જીભ અને આંખનાં પોપચાંની અંદર જૂએ છે. આ ત્રણે એનિમિયામાં ફીક્કા પડી જાય છે. જેમ હિમોગ્લોબીન ઓછું તેમ આ ફીકાશ વધારે. શંકા પડે કે તરત એ હિમોગ્લોબીનનું લેવલ ચેક કરાવવાનું કહે છે.

થોડો થાક લાગ્યા કરવો, થોડી નબળાઈ લાગવી અને કામમાં મન બરાબર ન લાગવું એ શરૂઆતનાં લક્ષણો છે.

ઉપરનાં લક્ષણો વ્યક્તિમાં જે પ્રમાણે હિમોગ્લોબીનની કમી હોય એ પ્રમાણેની તીવ્રતા ધરાવતાં હોય છે. થોડો એનિમિયા હોય તો વ્યક્તિને થોડી નબળાઈ લાગે અને કામ કરવાની મજા ન આવે એટલું જ થાય અને એનિમિયા જો વધારે હોય તો માણસ પથારીવશ પણ થઈ જાય.

સ્પષ્ટ છે કે એનિમિયા ન થાય એ માટે જેમાંથી આયર્ન મળી રહે એવો ખોરાક ખાવો જોઈએ, જેમ કે;
ઘેરા લીલા રંગનાં પાંદડાંવાળાં શાકભાજી, જેમ કે પાલક.

– કઠોળ જેમ કે વટાણા
– ડ્રાય ફ્રુટ્સ જેમ કે જરદાળુ
– આયર્ન ઉમેરેલું હોય એવાં અનાજ, બ્રેડ વગેરે.
– લાલ માંસ, પોલટ્રી

આ ઉપરાંત પણ ઘણી વસ્તુઓમાંથી આયર્ન મળે છે.

એવું પણ કહેવાય છે કે પહેલાં લોખંડનાં વાસણમાં બનતી રસોઈમાંથી ઘણું આયર્ન મળી જતું. એક વસ્તુ ખાસ નોંધપાત્ર છે, જે ભોજનની સાથે આપણે ચા-કોફી લઈએ છીએ તે ભોજનમાંથી આપણને આયર્ન મળવાની શક્યતા ઘટી જાય છે અને તેથી ખાવા સાથે ચા ન પીવી હિતાવહ છે. બીજું કે વિટામિન સી આયર્નનું શોષણ વધારે છે તેથી એ લેવું હિતાવહ છે. આમળાં એક એવી વસ્તુ છે કે જેને સૂકવી નાખવામાં આવે તો પણ તેમાંથી વિટામિન સી મળી રહે છે આથી આમળાંનો મુખવાસ લઈ શકાય.

આયર્ન ડેફિશિયન્સી એનિમિયાનું નિદાન થાય એટલે ડોક્ટર આયર્ન અને અન્ય વિટામિન્સ જેમાં હોય તેવી ગોળીઓ, કેપશ્યુલો કે સીરપો લખી આપે જે ઘણા મહિનાઓ સુધી લેવાનાં રહે. આ ઉપરાંત પોષક અને પ્રોટીનયુક્ત આહાર લેવાનું પણ સમજાવે અને આયર્ન જેમાં વધારે હોય એવો ખોરાક પણ લેવાનું કહે. વખતોવખત હિમોગ્લોબીનનું લેવલ ચેક કરતા રહેવાનું હોય છે, જેથી તેમાં કેટલો વધારો થયો તેનો ખ્યાલ આવે. હિમોગ્લોબીન નોર્મલ થઈ ગયા પછી પણ લાંબો સમય દવા ચાલુ રાખવાની હોય છે કારણ કે હેતુ માત્ર બ્લડમાં હિમોગ્લોબીન વધારવાનો જ નથી હોતો પણ આયર્નના સ્ટોર ખાલી થઈ ગયા હોય છે એને પણ પાછા ભરવાના હોય છે. આ ઉપરાંત હિમોગ્લોબીનની પૂર્તિ થાય તથા પાછો એનો લોસ ન થાય તે માટે

એનિમિયા થવાનાં કારણો પણ શોધી અને તેને દૂર કરવાનાં રહે છે, જેમ કે વધુ પડતા માસિક સ્રાવની ટ્રીટમેન્ટ, પાઈલ્સ કે અલ્સરમાં બ્લડ જતું હોય તો એની ટ્રીટમેન્ટ અને કૃમિ હોય તો એનો નાશ કરનારી ટ્રીટમેન્ટ. સગર્ભાવસ્થાના ત્રણ મહિના પૂરા થાય એટલે તરત જ આયર્ન અને ફોલીક એસિડની ગોળીઓ ચાલું કરવાની હોય છે. ઉપરોક્ત બાબતો જાણવી અને સમજવી અત્યંત જરૂરી છે. જો એનિમિયા ખૂબ તીવ્ર થઈ ગયો હોય અને હિમોગ્લોબિન અત્યન્ત ઓછું થઈ ગયું હોય તો એવા પેશન્ટને બચાવવા તથા જલદી સાજો કરવા એને બ્લડની બોટલ્સ ચડાવવી પડે એવું પણ બને છે. તો આપે જોયું હશે કે પહેલી નજરે ખૂબ સામાન્ય લાગતો આ રોગ કેટલો ભયાનક પૂરવાર થઈ શકે છે તો એ અતિ આવશ્યક છે કે ઉપરોક્ત હકીકતોને બરાબર સમજી લેવી. આ રોગ પ્રત્યે જાગૃત રહેવું અને તદનુસાર ઉપાયો કરવા. વરસમાં એકાદ વાર હિમોગ્લોબીન ચેક કરાવી લેવું ઈચ્છનીય છે.

આ રોગ અંગે મહિલાઓ અને બાળકોમાં સખત જાગૃતિ લાવવાની આવશ્યકતા છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં સગર્ભ મરણ અને બાળ મરણનું પ્રમાણ જો એકદમ ઘટાડવું હોય તો આયર્ન ડેફિશિયન્સી એનિમિયાને સમજી લઈ અને તેને અટકાવવો જ રહ્યો. હેલ્થ વર્કર્સ, આશાવર્કર બહેનો અને આંગણવાડી કાર્યકરો આ દિશામાં નોંધપાત્ર ફાળો આપે છે. કિશોરીઓ માટે પણ આયર્ન સપ્લીમેન્ટ ખૂબ જરૂરી છે જેનાથી તેઓમાં માસિક દરમ્યાન જતા રક્તની પૂર્તિ થાય અને બીજું કે તેઓ જ્યારે માતા બનવાની સ્થિતિમાં આવે ત્યારે એનેમિક ન હોય.


લેખ ઘણો લાંબો છે એ બદલ ક્ષમા ચાહું છું પણ મને લાગે છે કે ઘણું ખરું અહીં વર્ણવી દીધું છે.

વાતાવરણ - ઓક્સિજન - ફેફસાં - ઓક્સીહેમોગ્લોબિન - કોષો - કાર્બનડાયોક્સાઇડ - ફેફસાં - કાર્બન ડાયોક્સાઇડ - વાતાવરણ આ ચક્ર ટૂંકમાં યાદ રાખી શકાય.



- ડૉ પ્રણવ વૈદ્ય








વિભાગ : ૬ શિક્ષણ : વિકાસનું પ્રથમ પગલું

'મનખા'ના ધ્યેયોને સાકારતો 'યંત્ર-પુરુષ' : એજેન્ટિક એઆઇ (Agentic AI)

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



આપને પાછલા અંકોમાં જયારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના આંગણે પગ મૂક્યો, ત્યારે સમજાયું કે આ તો માત્ર આધુનિક વિજ્ઞાનનો ચમત્કાર નથી, પણ માનવસર્જિત બુદ્ધિનો એક નવો યુગ છે. જ્યાં જનરેટિવ AI આપણી કલ્પનાને શાબ્દિક રૂપ આપી, કવિતા રચી કે ચિત્ર દોરી, ત્યાં સુધીની સફર આપણે ખેડી. પરંતુ, હવે AI એક એવા મજલે આવીને ઊભું છે, જ્યાં તે માત્ર 'કવિ' કે 'ચિત્રકાર' નહીં, પણ આપણા 'નિયોજક' કે સંયોજકની ભૂમિકા ભજવવા તૈયાર છે. આનું જ નામ છે : એજેન્ટિક એઆઈ (Agentic AI)

આ કોઈ માત્ર ટેકનોલોજીનો શબ્દ નથી, પણ એક દાર્શનિક વિચાર છે. જે 'યંત્ર' માત્ર આદેશનું પાલન કરતું હતું. તે હવે ધ્યેયને સમજી, યોજના ઘડી, અને સ્વતંત્ર રીતે તે ધ્યેય પૂરું કરવા માટે નીકળી પડે છે.

1. નવા 'યંત્ર-મન'નું આગમન

પ્રશ્ન થાય કે, પરંપરાગત AI અને આ 'એજેન્ટિક AI ' વચ્ચે મૂળભૂત ભેદ ક્યાં છે?

પ્રતિભાવ અને પહેલ :

- **જૂનું AI :** એ એક આજ્ઞાધીન બાળક જેવું હતું. તમે પૂછો, "ગુજરાતની રાજધાની કઈ ?" તો તે જવાબ આપે. આ માત્ર **પ્રતિભાવ (Reactive)** છે.
- **નવું એજેન્ટિક AI :** આ એક અનુભવી મેનેજર જેવું છે. તમે તેને કહો કે, "આવતા સપ્તાહે મારે જામનગર ખાતે વેપારની નવી તક શોધવા જવું છે." બસ! આ સાંભળીને તે માત્ર જવાબ નહીં આપે, પણ જામનગરના બજારનો અભ્યાસ કરશે, તમારા કેલેન્ડરમાં ખાલી સમય જોશે, મુસાફરીનો ઉત્તમ રસ્તો શોધશે. હોટેલનું બુકિંગ સૂચવશે - એટલે કે **પહેલ (Proactive)** કરીને ધ્યેય સિધ્ધિના માર્ગે ચાલી નીકળશે.

માનવ મન જેમ કોઈ ધ્યેય નક્કી કર્યા પછી તેને પૂર્ણ કરવા માટે અંદરખાને અનેક તર્ક-વિતર્કની ક્રિયાઓ ચલાવે છે, તેમ આ એજેન્ટિક AI 'યંત્ર-મન' પણ પોતાની અંદર જ યોજનાઓનું નિર્માણ કરે છે. તે એક 'અપૂર્ણાંક' આદેશને સંપર્ણ 'કાર્યસિદ્ધી'માં પરિવર્તિત કરી શકે છે.

2. એજન્ટિક AI ના ચાર આધારસ્તંભ :

એક માણસ જ્યારે કોઈ જટિલ કાર્ય હાથમાં લે છે, ત્યારે તે જેમ આયોજન કરે છે, તેમ આ એજન્ટ પણ ચાર સ્તંભો પર ઊભું છે :

- **ધ્યેય નિર્ધારણ અને વિભાજન (Goal Setting & Decomposition) :**

માનવ જેમ મોટું સ્વપ્ન જુએ છે, તેમ આ એજન્ટ પણ અંતિમ ધ્યેયને સ્વીકારે છે. ત્યાર પછી, કોઈ અનુભવી કારીગરની જેમ, તે વિશાળ કાર્યને નાના, સુગમ ટુકડાઓમાં વહેંચી દે છે. ઉદાહરણ તરીકે, 'નવા પુસ્તક માટે સંશોધન કરવું' - આ ધ્યેયને 'વિષય સંબંધિત પાંચ લેખ શોધવા', 'સંદર્ભ પુસ્તકોની સૂચિ બનાવવી' અને 'મુખ્ય મુદ્દાઓનો સારાંશ તૈયાર કરવો' જેવા નાના પગલાંમાં વહેંચી દે છે.

❑ **યાદદાસ્ત અને શીખ (Memory and Learning):** જેમ કોઈ વ્યક્તિ ભૂતકાળના અનુભવોમાંથી શીખે છે, તેમ આ એજન્ટ પણ પોતાની 'મેમરી'માં અગાઉના પ્રયાસો, સફળતાઓ અને નિષ્ફળતાઓને સંગ્રહિત કરે છે. જો ગત પ્રયાસમાં ચોક્કસ ટૂલનો ઉપયોગ કરવાથી ભૂલ થઈ હોય, તો ભવિષ્યના કાર્યમાં તે ભૂલને ટાળવા માટે 'સ્વ-પ્રતિબિંબ (Self-Reflection)' કરે છે અને યોજનામાં સુધારો કરે છે. આ એની બુદ્ધિની સતત પ્રગતિની નિશાની છે.

❑ **સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ (Judicious Tool Use):** આ એજન્ટ માત્ર માહિતી નથી આપતું, પણ કાર્ય કરવા માટે જરૂરી સાધનોનો ઉપયોગ પણ કરે છે. તેને ખબર છે કે ગણિત માટે 'કેલ્ક્યુલેટર' (કોડ ઇન્ટરપ્રિટર) વાપરવું, તાજા સમાચાર માટે 'સર્ચ એન્જિન' વાપરવું, કે ઈમેજ બનાવવા માટે 'ઈમેજ જનરેશન ટૂલ' વાપરવું. તે જરૂરિયાત મુજબ યોગ્ય સાધનનો વિવેકપૂર્વક ઉપયોગ કરે છે.

❑ **અમલ અને પુનરાવર્તન (Execution and Iteration):** યોજના બનાવ્યા પછી, તે તેને પગલે-પગલે અમલમાં મૂકે છે. જો અમલ દરમિયાન કોઈ સમસ્યા આવે, તો તે કાર્યને વચ્ચેથી છોડી દેતું નથી. તે પાછું ફરે છે. 'યાદદાસ્ત'માં તપાસ કરે છે, યોજનામાં ફેરફાર કરે છે અને ફરીથી પ્રયત્ન કરે છે - જેમ કોઈ જીદ્દી માનવી પોતાનું ધ્યેય પૂરું કરવા માટે સતત મહેનત કરતો હોય.

3. ભવિષ્યનો 'કામદાર' : એજેન્ટિક AI ની સંભાવના

આ એજેન્ટિક AI એ આવતીકાલના જગતનો પાયો છે. જ્યાં સુધી આપણે જનરેટિવ AI ને 'ટાઇપિંગ' દ્વારા આદેશ આપતા હતા, ત્યાં સુધી આપણે ડ્રાઇવર હતા. હવે આ એજેન્ટિક AI ને કારણે આપણે માત્ર 'મુસાફર' બનીશું:

❑ **સંપૂર્ણ ઓટોનોમસ ઓફિસ:** કલ્પના કરો કે તમે માત્ર આદેશ આપો કે "આ કંપની માટે નવા માર્કેટિંગ સ્ટ્રેટેજી તૈયાર કરો." AI એજન્ટ જાતે જ માર્કેટ રિસર્ચ કરશે, રિપોર્ટ બનાવશે, પ્રસ્તુતિ તૈયાર કરશે, અને ઇ-મેલ દ્વારા ટીમને મોકલી પણ દેશે.

❑ **વ્યક્તિગત AI ગુરુ :** શિક્ષણના ક્ષેત્રે, તે વિદ્યાર્થીની નબળાઈઓ અને શીખવાની ગતિને સમજીને, તેના માટે વ્યક્તિગત અભ્યાક્રમ તૈયાર કરી શકે છે અને જરૂરી સંદર્ભો પણ શોધી શકે છે.

❑ સર્જન અને ઇનોવેશન : વૈજ્ઞાનિકો માટે, AI એજન્ટો નવા સંયોજનોની ડિઝાઇન, પ્રયોગોનું સિમ્યુલેશન અને પરિણામોનું વિશ્લેષણ કરીને નવીનતાઓ તરફની સફરને વેગ આપશે.

4. નીતિશાસ્ત્ર અને નિયંત્રણના સવાલો

જેમ દરેક મહાન શક્તિ સાથે મોટી જવાબદારી આવે છે, તેમ આ સ્વાયત્ત (Autonomous) AI એજન્ટો કેટલાક ગંભીર પ્રશ્નો પણ ઊભા કરે છે :

❑ **ભૂલની જવાબદારી :** જો કોઈ એજન્ટ વેપારમાં ખોટો નિર્ણય લે, જેનાથી મોટું નુકસાન થાય, તો તેની નૈતિક અને કાનૂની જવાબદારી કોની ગણાશે ? જેણે આદેશ આપ્યો, કે જેણે એજન્ટ બનાવ્યો ?

❑ **સુરક્ષાનો સવાલ :** જ્યારે AI એજન્ટોને તમારા બેંક ખાતા કે કોર્પોરેટ ડેટા સુધી પહોંચવાની છૂટ આપવામાં આવે છે, ત્યારે સુરક્ષાની દિવાલોને કેવી રીતે મજબૂત કરવી?

આવા યંત્રો પર નિયંત્રણ જાળવી રાખવું અને તેમને માનવ મૂલ્યોની મર્યાદામાં રાખવા એ ભવિષ્યના સમાજ માટે સૌથી મોટો પડકાર છે.

એજેન્ટિક એઆઈ આપણી સામે એક નવી ક્ષિતિજ ખોલે છે - એક એવું ભવિષ્ય જ્યાં યંત્ર માત્ર સાધન નહીં, પણ સક્રિય કર્તા (Active Agent) બનશે, તે મનુષ્યના જ્ઞાન અને તર્કને પોતાની યાદશક્તિ, યોજના અને સાધનોના ઉપયોગ દ્વારા વિસ્તૃત કરશે. આપણે ગુજરાતીઓએ હંમેશા ક્રાંતિને આવકારી છે. આ છઁ ક્રાંતિમાં પણ આપણે વિવેક જાળવીને, આ ટેકનોલોજીને માનવ કલ્યાણના માર્ગે વાળીએ, જેથી આ 'યંત્ર-પુરુષ' ખરા અર્થમાં 'મનખા' ના જીવનને સરળ અને સમૃદ્ધ બનાવી શકે.



-ચિરાગ ધનજીભાઈ પટેલ

વિભાગ : ૭ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

પાટીદાર યુવાનો અને ઉદ્યોગસાહસિકતા: ‘રાઈટ ટાઈમ’નો પાવર અને જોખમનો જુગાર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

પાટીદાર એટલે કોણ ? પાટીદાર એટલે એ જે પથ્થરને ફોડીને પાણી કાઢે અને વેરાન જમીનમાં નંદનવન ખડું કરે. જેના લોહીમાં જ ‘ખેતી’ અને ‘ખાતાવહી’ બંને વણાયેલા છે, એવા પાટીદાર યુવાનને મારે ધંધો કેમ કરવો એ શીખવવાનું ન હોય, પણ ધંધો ‘ક્યારે’ કરવો એની વાત ચોક્કસ કરવી પડે. કારણ કે, સાહેબ, યુદ્ધમાં હથિયાર કરતાં પણ વધારે મહત્વનો જો કોઈ ફેક્ટર હોય તો એ છે – ‘ટાઈમિંગ’.

આજે સમાજનો દીકરો ભણીગણીને ડિગ્રીઓ લઈને બહાર પડે છે ત્યારે તેની આંખમાં સપનાં છે, પણ ખિસ્સામાં અનુભવની મૂડી નથી. ઉતાવળે આંબા ન પાકે. વ્યાપારના રણમેદાનમાં ઉતરતાં પહેલાં વ્યૂહરચના ઘડવી પડે અને એ વ્યૂહરચનાનો શ્રેષ્ઠ સમયગાળો છે : જીવનના ૨૭ થી ૩૦ વર્ષ.

શા માટે આજ સમય? ચાલો, જરા ઊંડાણથી અને રોકડિયા શબ્દોમાં સમજીએ.

પહેલો પડાવ : અનુભવની ‘ભઠ્ઠી’માં પાકવું (અભ્યાસ પછીના ૩-૪ વર્ષ)

કોલેજ પૂરી થાય એટલે યુવાનીનું જોમ હોય, “હું આ કરી નાખું, હું તે કરી નાખું” એવો થનગનાટ હોય. પણ થોભો! વ્યાપાર એ માત્ર પૈસાનું રોકાણ નથી, એ બુદ્ધિ અને ધીરજનું રોકાણ છે.

એક પાટીદાર યુવાને અભ્યાસ પૂરો કર્યા પછીના શરૂઆતના ૩થી ૪ વર્ષ ફરજિયાતપણે નોકરી કરવી જોઈએ. પણ કેમ ? પગાર માટે ? ના. આ સમયગાળો ‘કમાવાનો’ નથી, પણ ‘ઘસાવાનો’ છે. બીજાના પૈસાથી ધંધો શીખવાની આનાથી મોટી કોઈ યુનિવર્સિટી નથી. આ ૩-૪ વર્ષ દરમિયાન તમારે ત્રણ વસ્તુ શીખવાની છે:

૧. માણસ ઓળખતાં : ધંધામાં પ્રોડક્ટ કરતા માણસને ઓળખવો વધુ જરૂરી છે.

૨. દુનિયાદારી : ચોપડીમાં નફો-નુકસાન શીખવાય છે, પણ ઉઘરાણી કેમ કઢાવવી અને ગ્રાહકને કેમ સાચવવો, એ તો બજારની થપાટો જ શીખવે.

૩. સિસ્ટમ: મોટા શેઠિયાઓ ધંધો કેમ મેનેજ કરે છે, એની સિસ્ટમ સમજવી.

આ અનુભવ એ તમારી એવી મૂડી છે જે આવતીકાલે તમને દેવાળું ફૂંકતા બચાવશે.

બીજો પડાવ : સાહસનો સૂર્યોદય (ઉંમર ૨૭ થી ૩૦ વર્ષ)

જ્યારે યુવાન ૨૭માં વર્ષમાં પ્રવેશે છે, ત્યારે એ એક અનોખા મુકામ પર હોય છે. હાથમાં થોડો અનુભવ છે, મગજમાં આઈડિયા છે અને શરીરમાં અખૂટ ઊર્જા છે. ધંધો શરૂ કરવા માટે, સ્ટાર્ટ અપ કરવા માટે કે દુકાનનું શટર ઊંચું કરવા માટે આ ‘ગોલ્ડન પિરિયડ’ છે. શા માટે?

૧. જવાબદારીનો અભાવ અને રિસ્ક લેવાની તાકાત :

૨૭થી ૩૦ વર્ષનો યુવાન એટલે મુક્ત પંખી. હજુ કદાચ લગ્ન થયા હોય તો પણ સંસાર માંડ શરૂ થયો હોય. બાળકો નાના હોય અથવા જવાબદારી ન હોય. આ સમયે તમે ૧૨ કલાક નહીં પણ ૧૮ કલાક કામ કરી શકો. જો ધંધામાં શરૂઆતમાં નફો ન મળે; તો પણ ઘર ચલાવવાની ચિંતા માથે નથી હોતી. આ ઉંમરે તમે જે રિસ્ક લઈ શકો, તે ૩૫ વર્ષે લોનના હપ્તાની ચિંતામાં ક્યારેય ન લઈ શકો.

૨. પિતાના ખભે હાથ :

‘સેફ્ટી નેટ’: આ મુદ્દો સૌથી અગત્યનો છે. ૨૭ વર્ષના યુવાનના પિતા સામાન્ય રીતે ૫૫-૬૦ વર્ષની આસપાસ હોય. તેઓ હજુ નિવૃત્ત ન થયા હોય, એમની કમાણી ચાલું હોય અને સમાજમાં એમની શાખ હોય. આ સમય એવો છે કે જો યુવાન ધંધામાં કદાચ ઠોકર ખાય, તો પિતા કહી શકે કે “બેટા, ચિંતા કરતો નહીં, હું બેઠો છું.” પિતાનો આ ભરોસો યુવાનને ઊંચી ઉડાન ભરવાની હિંમત આપે છે. ઘરનું રસોડું પિતા ચલાવતા હોય, એટલે દીકરો ધંધાના ગલ્લામાંથી પૈસા ઘરે લઈ જવાને બદલે ધંધાના વિકાસમાં જ વાપરી શકે. આ જે ‘રી-ઈન્વેસ્ટમેન્ટ’ની તાકાત મળે છે, તે ધંધાને મોટો કરે છે.

૩. **કોઠાસૂઝ અને આધુનિકતાનો સંગમ:**

૩૦ વર્ષની અંદરનો યુવાન ટેકનોલોજીથી વાકેફ હોય છે. એ બાપ-દાદાના પરંપરાગત ધંધામાં પણ કમ્પ્યુટર, સોશિયલ મીડિયા અને નવું માર્કેટિંગ લાવી શકે છે. જૂની પેઢીનો અનુભવ અને નવી પેઢીનું ટેલેન્ટ – આ બંનેનું જોડાણ આ ઉંમરે શ્રેષ્ઠ રીતે થઈ શકે છે.

ત્રીજો પડાવ:

સમય વીતી ગયા પછીનો પસ્તાવો (૩૦ પછી શું?)

ઘણા યુવાનો સલામતીના મોહમાં ૩૦-૩૨ વર્ષ સુધી નોકરી જ કર્યા કરે છે અને પછી ? પછી પગમાં બેડીઓ આવી જાય છે.

– લગ્ન થઈ ગયા હોય, બાળકો સ્કૂલે જતા હોય.

– મકાનની લોન ચાલુ હોય.

– પિતા નિવૃત્ત થઈ ગયા હોય.

૩૫ વર્ષની ઉંમરે માણસ 'સાહસિક' મટીને 'સલામત' બની જાય છે. એને દર મહિનાની પહેલી તારીખે પગારનો મેસેજ જોવાની ટેવ પડી જાય છે. પછી એ ધંધાની અનિશ્ચિતતામાં કૂદી શકતો નથી. માટે, જે કરવું હોય તે ૩૦ પહેલાં કરી લેવું.

પાટીદાર યુવાનોને મારે એટલું જ કહેવું છે કે, નોકરી એ માત્ર 'વેઈટિંગ રૂમ' છે, તમારું ઘર તો 'વ્યાપાર' જ છે. પણ ટ્રેન પકડવાનો એક સમય હોય છે. અભ્યાસ પછીના ૩-૪ વર્ષ દુનિયા જોઈ લો, સમજી લો. અને ૨૭ વર્ષના થાઓ એટલે પોતાની જાતને કહો – "હવે બસ ! હવે મારે મારું સામ્રાજ્ય ઊભું કરવું છે."

તમારી પાછળ તમારા પરિવારનો ટેકો છે, લોહીમાં સંસ્કાર છે અને નસોમાં વ્યાપાર છે. જો ૨૭થી ૩૦ વર્ષની વચ્ચે તમે બાજી મારી લીધી, તો સમજી લેજો કે આવનારી પેઢીઓ તમને સલામ કરશે.

ઊઠો, અનુભવ મેળવો અને યોગ્ય સમયે ત્રાટકો !

- *રોહિત પટેલ*



છતી આંખે આંધળા

અલ મહદી અબ્બાસી નામના મોટા સૂફી સંત થઈ ગયા. એમના અનુયાયીઓ સાથે વાતો કરતાં તેમણે એક દિવસ કહ્યું કે માણસને તમે ગમે તેટલી મદદ કરવા ચાહો. પણ એણે પોતે ઊભી કરેલી મર્યાદા તેની આડે આવે છે. વાત અનુયાયીઓને ગળે ઊતરી નહીં એવું જણાયું. તેથી અવસર મળે ત્યારે આ સત્યનું પ્રત્યક્ષ પ્રમાણ આપવાનું અલ મહદી અબ્બાસીએ નક્કી કર્યું. અનુયાયીઓ તો પછી વાત ભૂલી ગયા.

એક દિવસ સંત અબ્બાસી અને અનુયાયીઓ બેઠા હતા; ત્યાં એક ખૂબ જ દેવાદાર થઈ ગયેલો માણસ તેમની સમક્ષ આવ્યો. તેણે પોતાની બધી વીતક કહી અને મદદ કરવા કહ્યું. સંત અબ્બાસીએ એક અનુયાયીને કહ્યું કે સામે આવેલા નિર્જન પુલની વચ્ચે સોનાની મહોરો ભરેલી એક કોથળી મૂકી આવો. પછી સંત અબ્બાસીઓ પેલા માણસને કહ્યું કે પેલા પુલ પર જઈને પાછા આવો. દેવાદાર માણસ પુલ પર ગયો ને પાછો આવ્યો.

સંત અબ્બાસીએ તેને પૂછ્યું, 'તેં પુલ પર કંઈ જોયું ?' પેલા માણસે જવાબ આપ્યો : 'ના. મારા જોવામાં કશું આવ્યું નથી, કારણ કે પુલના છેડે પહોંચી મેં નક્કી કર્યું કે આંખો બંધ કરી પુલની પાળીને સ્પર્શ કરતાં કરતાં પુલ પસાર કરવો. સામે છેડે પહોંચી મેં આંખો ખોલી. પછી એ જ રીતે એટલાં જ પગલાંમાં પાછા અવાય છે કે નહીં એ જોવા, એ જ રીતે પાછો આવ્યો.'

સંત અબ્બાસીએ અનુયાયીઓ તરફ ફરીને કહ્યું, 'જોયું, માણસની ગતિ કેવી છે ? આંખો હોવા છતાં જોવાનું હોય તે એ જોતો નથી અને હાથે કરીને આંધળોભીંત થાય છે.' સંતે કહેલી વાતનું અનુયાયીઓને પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું.

માણસમાં વિચારવાની શક્તિ હોય છે, પણ ઘણી વાર એ પૂર્વગ્રહોનો પાટો બાંધી લે છે. તેથી જે સ્પષ્ટ હોય તો પણ તેને દેખાતું-સમજાતું નથી. છતી આંખે આંધળા તે આનું નામ.

(પાંદડે પાંદડે જ્યોતિમાંથી)

વિભાગ : ૮ પ્રેરણાત્મક સાહિત્ય

કામ સારું ક્યાર બને અને આદર ને આચાર

કામ સારું ક્યારે બને

ગામમાં એક મોટું સંયુક્ત કુટુંબ રહેતું હતું. તેના સભ્યોમાંનો એક બુદ્ધિમાં ઓછો હતો – મૂરખ જ કહો ને! ઘરના માણસો એને ખાસ કંઈ કામ ન સોંપતા. જરૂર પડે તો એની મર્યાદા સમજી તેને સાવ સાદાં અને સામાન્ય કામ સોંપતાં. કામ અંગે તેને જરૂરી સૂચનો પણ આપતા જેથી એ છબરડો ન વાળે.

એક દિવસ ઘર માટે લોટ અને મીઠું લાવવાનાં હતાં. ઘરમાં કોઈ હતું નહીં, તેથી ઘરના વડીલે મૂરખને બોલાવ્યો અને કહ્યું, 'લોટ અને મીઠું લાવવાનાં છે. દુકાનેથી એ લઈ આવ, પણ જો, લોટ અને મીઠું અલગ અલગ રાખજે. બંનેની સેળભેળ ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખજે.' મૂરખ તો તૈયાર. લોટ અને મીઠું લાવવા તેણે ઘરમાંથી એક થાળી લીધી.

દુકાને જઈ મૂરખે કહ્યું, 'પાંચ શેર લોટ આપો.' દુકાનદારે લોટ તોલ્યો. મૂરખે થાળીમાં લોટ લીધો. પછી મૂરખે મીઠું માગ્યું અને કહ્યું, 'મીઠું જુદું રાખવાનું છે તે લોટ સાથે ભળવું ન જોઈએ.' દુકાનદારે મીઠું તોલ્યું. મીઠું લોટથી જુદું રહે તે માટે મૂરખે થાળીને ઊંધી કરી. બધોય લોટ નીચે જમીન પર ઢોળાઈ ગયો. મૂરખે થાળીની ઊલટ બાજુ ઉપર કરી હતી. તેના પર મીઠું ઠાલવવા તેણે વેપારીને જણાવ્યું. દુકાનદારે થાળીની ઊંધી બાજુ પર મીઠું ઠાલવી આપ્યું.

મીઠું લઈને મૂરખ ઘરે પહોંચ્યો અને કહ્યું, 'લો, આ મીઠું.' ઘરના વડીલે પૂછ્યું, 'લોટ ક્યાં ?' મૂરખે જવાબ આપ્યો, 'લોટ અને મીઠું ભેગાં ન થઈ જાય એ માટે લોટને મેં થાળીની બીજી બાજુ રાખ્યો છે.' આમ કહી મૂરખે થાળી ઉલટાવી. તરત જ મીઠું નીચે જમીન પર પડી ધૂળ ભેગું થઈ ગયું.

મૂરખ પર આપણે હસીએ છીએ, પણ ઘણી વાર આપણે મૂરખની જેમ જ વર્તીએ છીએ. એક સારું કામ કરતી વખતે બીજા સારા કામને બગાડીએ છીએ. જીભને સ્વાદનો આનંદ આપવા પેટ બગાડીએ છીએ. વળી ક્યારેક સારું પરિણામ મેળવવા અયોગ્ય સાધન વાપરીએ છીએ. હિંસા અટકાવવા હિંસાનો જ આશ્રય લઈએ છીએ.

સારા કામ સાથે બીજાં કામો પણ સારી રીતે થવાં જોઈએ. અયોગ્ય સાધન દ્વારા સારું કામ કરવા જઈએ તો સાધ્ય પણ કલુષિત થાય છે અને સારું કામ પણ નરસું બની રહે છે.

આદર ને આચાર

એક ભારે બુદ્ધિમાન અને મહેનતુ માણસ હતો. નવી નવી શોધ કરવાનો એને શોખ. ખૂબ મહેનત કરી એણે ઈલેક્ટ્રિસિટીની શોધ કરી. વીજળીમાંથી લાઈટનો પ્રકાશ કેમ રેલાવવો એ પણ એણે શોધી કાઢ્યું. આ શોધનો ઉપયોગ કરી લોકો સુખી થઈ શકે એ માટે પોતાની જાણકારી એ લોકો સુધી પહોંચાડવા માગતો હતો. એ એક આદિવાસી પ્રજા પાસે ગયો. એણે લોકોને વીજળી અને લાઈટ કરવાની કારીગીરી શીખવી લોકો તો રાજી થઈ ગયા. વીજળી અને લાઈટના ઉપયોગથી એમનું જીવન બદલાઈ ગયું.

તેની શોધનો લાભ બીજી પ્રજાઓને પણ મળે એવો શોધકનો આશય હતો. તેથી તે બીજા આદિવાસી પ્રદેશમાં ગયો. નવા પ્રદેશના લોકોને પણ તેણે લાઈટ કરતાં શિખવાડ્યું. લોકો તો ખુશ થઈ ગયા, પણ તે પ્રજાના ધર્મગુરુઓના પેટમાં તેલ રેડાયું. તેમણે થયું કે તેમનાં માન-પાન હવે નહીં રહે. નવો આવેલો આ માણસ જ આદરપાત્ર થઈ જશે. આવું વિચારી ધર્માચાર્યોએ પેલા શોધકની હત્યા કરાવી. તેમના પર કોઈને વહેમ ન પડે એ માટે ધર્મગુરુઓએ શોધકની હત્યા કરાવી. તેમના પર કોઈને વહેમ ન પડે એ માટે ધર્મગુરુઓએ શોધકની સુંદર મૂર્તિ બનાવડાવી. તે મૂર્તિની તેમણે મંદિરમાં સ્થાપના કરી. મૂર્તિની પૂજા કરવાનો રિવાજ દાખલ કર્યો. ધર્મગુરુઓએ પેલા શોધકની પ્રશંસાનાં ગીત અને પ્રાર્થનાઓ પણ રચી. પ્રજાના બધા લોકો માટે શોધકની પૂજા અને પ્રાર્થના ફરજિયાત બનાવી. તેમાં કોઈ ચૂક કરે તો તેને સજા કરવામાં આવતી.

આમ વર્ષો વીતતાં ગયાં. નવી નવી પેઢીઓ આવતી ગઈ. પેલા શોધકનાં પૂજા-પાઠ અને પ્રાર્થના-ગાનના વિધિ વધતાં જ ગયાં, પરંતુ આ વિધિ-વિધાનમાં ખોવાઈ ગયેલી પ્રજા વીજળી અને પ્રકાશનું ઉત્પાદન કેમ કરવું એનું જ્ઞાન જ ભૂલી બેઠી. જ્યાં શોધક પહેલાં ગયો હતો તે પ્રજા સુખના પ્રકાશમાં જીવી, જ્યારે પછીની પ્રજા અંધકારના અજ્ઞાનમાં અટવાતી રહી.

મહાન માણસોએ કરેલાં સત્કાર્યોનાં વખાણ અને એમના પૂજનમાત્રથી સુખ પ્રાપ્ત થતું નથી. એમણે શિખવાડેલા માર્ગ પર ચાલવાથી પ્રજા પોતાનું ભલું કરી શકે છે.

(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)

વિભાગ : ૯ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
સંકલન

વિઝન-૨૦૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ અભિયાનના ભાગરૂપે તા. ૨૯-૧૦-૨૦૨૫ના રોજ કૃષ્ણકંપા મુ. તેજપુર તા. હિંમતનગરમાં મા ઉમિયા ફોટો મંદિરનું લોકાર્પણ થયું. ગામમાં માત્ર ૪૦ કડવા પાટીદાર પરિવાર રહે છે. ખેતીવાડી નોકરી ધંધામાં છે. છતાં મા ઉમિયાની કૃપાથી નાનકડું પણ સુંદર મંદિર રોડ ટચ બની રહ્યું છે. ભવિષ્યમાં શિખરબધ્ધ મંદિર બનશે. આ પ્રસંગે ઊંઝા સંસ્થામાંથી સહમંત્રીશ્રી વસંતભાઈ ચોક્સી, ખજાનચીશ્રી પ્રવિણભાઈ બી.આર. અને ઈશ્વરભાઈ પટેલની ટીમે મુલાકાત લઈ માતાજીની આસ્થા, શ્રધ્ધા અને સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપર પ્રકાશ પાડ્યો. ભૂમિ દાતાશ્રીઓનું સન્માન કરાયું. હિંમતનગરથી અરવિંદભાઈ, વસંતભાઈ, પ્રમિલાબેન, રમિલાબેન અને કારોબારો સભ્યો સંગઠનના સભ્યો હાજર રહી પ્રેરણા પ્રોત્સાહન આપ્યું.

શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર મુ.કાવા, તા. ઈડર

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા વિઝન-૨૦૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ અભિયાનના ભાગરૂપે તા. ૨૯-૧૦-૨૦૨૫ના રોજ ઈડર તાલુકાના કાવા ગામમાં રામજી મંદિરમાં મા ઉમિયાના ફોટો મંદિર સ્થાપન કરાયું. આ ગામમાં કડવા પાટીદારના ૨૦૦ ઘર સુખી સંપ્પન છે. રામજી મંદિરમાં નીલકંઠ મંદિર, જલારામ બાપાની મૂર્તી બાજુમાં ફોટો મૂકવામાં આવ્યો. ભવિષ્યમાં શિખર મંદિર બનશે. ભોજનદાતાશ્રી જશુભાઈ પટેલ મા ઉમિયામાં અતૂટ શ્રધ્ધા-ભક્તિભાવ ધરાવે છે. આ ગામના જશુભાઈ પટેલ સિરામીકમાં મોટા ગજાના દાનેશ્વરી છે. તેમની હાજરીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના સહમંત્રીશ્રી વસંતભાઈ ચોક્સી, ખજાનચીશ્રી પ્રવિણભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ ધર્મસભામાં હાજર રહ્યા. ભોજનદાતાશ્રીઓ અને કાર્યકરોને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ.

શ્રી ઉમિયા માતાજી શિખર મંદિર મુ. કરણપુરા. તા. બહુચરાજી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા વિઝન -૨૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ સંકલ્પ અંતર્ગત મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના કરણપુરા ગામે સમસ્ત કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત શ્રી ઉમિયા માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૭-૧૦-૨૦૨૫ થી તા. ૨૯-૧૦-૨૦૨૫ સુધી ત્રણ દિવસનું સુંદર આયોજન કરવામાં આવ્યું. કડવા પાટીદાર સમાજનું ગામ જેઓ એ ભવ્ય મંદિર નિર્માણ કર્યુ. આ મંદિર નિર્માણ થકી પાટીદાર સમાજનું પ્રેરણા અને પ્રોત્સાહનનું કેન્દ્ર બની રહેશે. આ મંગલકારી પ્રસંગમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સહમંત્રીશ્રી મહેન્દ્રભાઈ પટેલ (વકીલ), ઉચ્ચ શિક્ષણ સહાય નિધિના વાઈસ ચેરમેનશ્રી ભરતભાઈ પટેલ, સંગઠનના સંયોજક હિતેશભાઈ પટેલ (મારૂતી) સાથે બહુચરાજી તાલુકાના કારોબારી સભ્યશ્રીઓ તેમજ ઉમિયા પરિવાર સંગઠનના સભ્યો હાજર રહ્યા હતા. શ્રી ભરતભાઈ પટેલે શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં ચાલતી ધાર્મિક અને સમાજિક પ્રવૃત્તિઓ વિશે સૌને અવગત કર્યા.

શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર મુ. કુંડિયા તા. મહેશ્વર (એમ.પી)

વિઝન-૨૦૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ અભિયાન અન્વયે મધ્યપ્રદેશના ખરગાંન જિલ્લાના મહેશ્વર તાલુકાના ગામ કુંડિયા ખાતે તા. ૦૨-૧૧-૨૦૨૫ના

રોજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના હોદ્દેદારશ્રીઓની ઉપસ્થિતિમાં શ્રી ઉમિયા માતાજીના ફોટો મંદિરની સ્થાપના થઈ. માનદમંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સહમંત્રીશ્રી મહેન્દ્રભાઈ વકીલ, શ્રી ઉમિયા પરિવાર સંગઠન કમિટિના ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ અને મધ્યપ્રદેશના કારોબારી સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

મધ્યપ્રદેશના ખરગાંન જિલ્લાના ભીલગાંવ ખાતે શ્રી ઉમિયા માતાજી મંદિરનું ભૂમિપૂજન

વિઝન -૨૦૩૦ અંતર્ગત ૧૦૦૧ શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણ અભિયાન અંગર્ગત મધ્યપ્રદેશના ખરગાંન જિલ્લાના કસરાવદના તહસીલના ભીલગાંવ ગામમાં નવનિર્માણ પામનારા શ્રી ઉમિયા માતાજી મંદિરનું ભૂમિપૂજન તા. ૦૨-૧૧-૨૦૨૫ ના રોજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના હોદ્દેદારશ્રીઓની ઉપસ્થિતિમાં થયું. સંસ્થાના માનદમંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સહમંત્રીશ્રી મહેન્દ્રભાઈ વકીલ, શ્રી ઉમિયા પરિવાર સંગઠન કમિટીના ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ એક અલૌકિક અને પવિત્ર ભૂમિ ભીલગાંવ જ્યાં મા નર્મદાના નદીના કાંઠે નેશનલ હાઈવે પાસે નયનરમ્ય પાવનભૂમિ પર 'મા ઉમિયા'નું મંદિર નિર્માણ પામી રહેલ છે. આ ભીલગાંવએ સમાજને એક દિશાસૂચક અને વિશિષ્ટ રાહ બનવાનો ઉમદા સંદેશ આપેલ છે કે, આ ગામડામાં સમાજવાડીનું નિર્માણ ગામની સમાજની બહેનો દ્વારા નિર્માણ કરેલ છે. આ ગામમાં ઊંઝા સંસ્થાનના ભામાશા દાતાશ્રી બાબુભાઈ પટેલ ખોરજવાળા જય સોમનાથ ગ્રૂપ તરફથી ભીલગાંવના કડવા પાટીદાર સમાજના તમામ ઘરે શ્રી ઉમિયા માતાજીનો ફોટો વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યો. આ પાવન પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના કારોબારી સભ્યશ્રીઓ વડીલો, યુવાનો, બાળકો ઉપસ્થિત રહી માતાજીનો પાવન પ્રસંગ સંપન્ન કરવામાં આવ્યો હતો.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા ઉમિયા ચંદ્રક કાર્યક્રમ

કરોડો શ્રધ્ધાળુ લોકોની આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર ગણાતા કુળદેવી શ્રી ઉમિયા માતાજીના પ્રાગટ્ય સ્થાન ઊંઝા દ્વારા અવારનાર ભવ્યાતિભવ્ય ધાર્મિક કાર્યક્રમ અને ઉત્સવોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા માત્ર ધાર્મિક જ નહી, સમાજસેવાના કાર્યો પણ કરવામાં આવે છે. વિશ્વભરમાં વિખ્યાત કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા તા. ૨૧-૧૨-૨૦૨૫ રવિવારના રોજ 'શ્રી ઉમિયા ચંદ્ર' સન્માન કાર્યક્રમ ઊંઝામાં યોજવામાં આવશે. વર્ષ ૧૯૮૭ થી ૨૦૨૧ સુધીમાં શ્રી ઉમિયાચંદ્રકના આઠ કાર્યક્રમો યોજાઈ ચૂક્યા છે. જેમાં વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર કુલ ૭૮૭ પ્રતિભા સંપન્ન વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કડવા પાટીદાર સમાજની વ્યક્તિઓ કે જેમણે ખૂબ મહેનત, સંઘર્ષ સાથે દ્રઢ સંકલ્પશક્તિ દ્વારા વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરીને અન્ય લોકો માટે પણ પ્રેરણાદાયી બન્યા હોય તેવા પ્રભાવશાળી વ્યક્તિઓને 'શ્રી ઉમિયાચંદ્રક' દ્વારા સન્માનિત કરવામાં આવે છે. કડવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓ કે જેમણે U.P.S.C., G.P.S.C જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, વિવિધ યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડાલિસ્ટ, રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રિય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરનાર તથા વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર ૧૨૦ થી વધારે તેજસ્વી તારલાઓને 'શ્રી ઉમિયાચંદ્રક' આપી સન્માનિત કરાશે.

"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના"



ઊંઝા હાઈવે પરનું ઉમાપુરમ્ સર્કલ

વિભાગ - ૧૦ નવેમ્બર-૨૦૨૫ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
પટેલ શાન્તીલાલ મોહનલાલ	શીલજ	૧૧,૦૦૦.૦૦
તુષાર આર પટેલ	નવસારી	૧૧,૦૦૦.૦૦
પટેલ આશિકકુમાર હસમુખભાઈ	ચરાડા	૧૧,૦૦૦.૦૦
સંજયકુમાર બાબુભાઈ પટેલ	ઐઠોર	૧૧,૦૦૦.૦૦
જગત એગ્રો	ઊંઝા	૧૧,૦૦૦.૦૦
સોમજી કરસન ભાવાણી	મહારાષ્ટ્ર	૧૧,૧૦૦.૦૦
કૈલાશ ટીમ્બર	બેંગ્લોર	૧૩,૦૦૦.૦૦
શ્રીમતિ કોમલબાઈ પટેલની સ્મુતિમે તિરલા		૧૧,૧૨૦.૦૦
પટેલ લકીરાજ અરવિંદભાઈ	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
પટેલ કુશકુમાર મનોજકુમાર	ઊંઝા	૧૧,૦૦૦.૦૦
પટેલ બિપિનકુમાર વ્રજલાલ, યુએસએ	હિંમતનગર	૧૧,૧૧૧.૦૦
અશોકભાઈ રમેશભાઈ પટેલ	સુરત	૧૧,૦૦૦.૦૦
કનૈયાલાલ રેવીદાસ પટેલ	ગાંધીનગર	૧૧,૦૦૦.૦૦
સ્વ.પટેલ ભુદરભાઈ ઈશ્વરલાલ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
અબજીભાઈ માવજીભાઈ પટેલ	કોલ્હાપુર	૧૧,૦૦૦.૦૦
સરોજબેન ગૌતમભાઈ પટેલ	ઉટવા	૧૦,૦૦૦.૦૦
તેજસ દિનેશભાઈ કોટદીયા	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
શ્રી ગાયત્રી સો મીલ	કોઈમ્બાતોર	૧૯,૦૦૦.૦૦
દૈવત પટેલ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
સ્વામિનારાયણ હરિ મંદીર-મોટેરા	મોટેરા	૧૧,૦૦૦.૦૦
શિવમ ગ્લાસ	વડોદરા	૨૧,૦૦૦.૦૦
અર્પણ જગદીશભાઈ પટેલ	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
જયન નરેન્દ્રકુમાર પટેલ	વડોદરા	૧૦,૦૦૦.૦૦
મનીષા અશ્વીન બોડીવાલા	અડાજણ	૧૪,૫૦૧.૦૦
પટેલ ચીરાગ પરમાનંદ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
સ્કેનકોડ ઓટો આઈડી ટેકનોલોજી પ્રાઈવેટ	વાપી	૧૧,૧૧૧.૦૦
ઉમિયા ટીમ્બર	ગામડી	૧૧,૦૦૦.૦૦
રાજેશ પટેલ	રાયપુર	૧૧,૦૦૦.૦૦
પારસમણી કર્વારી વર્ક્સ	વડાગામ	૨૧,૦૦૦.૦૦
પ્રકાશકુમાર બાબુભાઈ પટેલ	ભાવનગર	૧૧,૦૦૦.૦૦
પ્રફુલ્લ રમણલાલ પટેલ	ભાયંદર	૫૧,૦૦૦.૦૦
રોનકકુમાર શાંતિલાલ પટેલ	અમદાવાદ	૨૦,૦૦૦.૦૦
શિક્ષણ સહાયક નિધિ		
નીકી ઈમ્પેક્ષ	બેંગ્લોર	૫૦,૦૦૦.૦૦
અખંડ ઘી ના દીવા ભેટ		
દયાલ દેવજીભાઈ પટેલ	મુંબઈ	૫,૧૦૦.૦૦
જશોદાબેન રમણભાઈ પટેલ	વડોદરા	૫,૦૦૧.૦૦
મહેંદી તુલસીદાસ નાકરાણી	મુંબઈ	૯,૮૦૦.૦૦
ચકલા દાણા ફંડ દાન		
રમણલાલ મગનલાલ પટેલ	ગાંધીનગર	૫,૦૦૦.૦૦
સોના-રૂપા દાગીના (વસ્તુ)		
જયાબેન રમેશભાઈ પટેલ	ગોધરા	૧૦,૨૭,૦૦૦.૦૦
ફૂલોની આંગી સેવા યજમાન		
ધ્રુવ હર્ષદભાઈ પટેલ	અમદાવાદ	૫,૧૦૦.૦૦
અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા		
ૐ નમો ભગવતે વાસુદેવ નમઃ	કામલી	૧૫,૦૦૦.૦૦
વિધવા ત્યક્તા સહાય નિધિ દાતા		
નીકી ઈમ્પેક્ષ (૧૨ વર્ષ માટે)	બેંગ્લોર	૫૧,૦૦૦.૦૦
કાયમી પ્રસાદ ફંડ	વ્યક્તિ - ૩	૧૫,૩૦૦.૦૦
કાયમી સદાવ્રત કોર્પસ ફંડ	વ્યક્તિ - ૬	૩૦,૬૦૦.૦૦
કાયમી થાળ કોર્પસ ફંડ	વ્યક્તિ-૧૦	૫૧,૦૦૦.૦૦

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત
નવેમ્બર ૨૦૨૫- માસમાં ૪૨ લગ્ન + ૧૬ કુલહાર લગ્ન કુલ - ૫૮ લગ્ન થયાં.

નવેમ્બર-૨૦૨૫ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૧૦૩૪ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

ધન્યવાદ





લવાજમના નાણા ઓનલાઈન પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૯૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૯૩૫૪૫૩૯૪૩૯
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ
નવેમ્બર -૨૦૨૫

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

ભરતભાઈ કાંતિલાલ પટેલ	ગાંધીનગર	૩૦૦૦.૦૦
પટેલ રવીકુમાર કાળીદાસ	મહેસાણા	૩૦૦૦.૦૦
પટેલ નટવરલાલ સોમદાસ	મહેસાણા	૩૦૦૦.૦૦
પટેલ મહેશભાઈ પ્રભુદાસ	અમદાવાદ	૩૦૦૦.૦૦
અશોકકુમાર રામભાઈ પટેલ	કચ્છ	૩૦૦૦.૦૦
હીનાબેન મહેન્દ્રભાઈ પટેલ	સુરત	૩૦૦૦.૦૦
સુરેશભાઈ અંબાલાલ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
બાબુભાઈ હરીભાઈ પટેલ	પાટણ	૩૦૦૦.૦૦
સંજયભાઈ મહેન્દ્રભાઈ પટેલ	અમદાવાદ	૩૦૦૦.૦૦
પટેલ બિપીનકુમાર અમીચંદભાઈ	સાબરકાંઠા	૩૦૦૦.૦૦
હસમુખલાલ માધવલાલ પટેલ	ગાંધીનગર	૩૦૦૦.૦૦
પટેલ મુકેશભાઈ ડાહ્યાભાઈ	બનાસકાંઠા	૩૦૦૦.૦૦
પટેલ મીતકુમાર કાન્તીલાલ	અમદાવાદ	૩૦૦૦.૦૦
ભીખાભાઈ કાન્તિલાલ પટેલ	ગાંધીનગર	૩૦૦૦.૦૦
વીરાભાઈ નરસિંહભાઈ પટેલ	બનાસકાંઠા	૩૦૦૦.૦૦
કાંતિભાઈ પરસોતમભાઈ	કર્ણાવત	૩૦૦૦.૦૦
ગોપાલભાઈ કાન્તિભાઈ પટેલ	પાટણ	૩૦૦૦.૦૦
પટેલ વિષ્ણુભાઈ મંગળદાસ	મહેસાણા	૩૦૦૦.૦૦
ધર્મેન્દ્રકુમાર બાબુલાલ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
વિનોદકુમાર રણછોડભાઈ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
વિક્રમભાઈ બાબુલાલ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
બાબુભાઈ ઝવેરભાઈ ચતુરભાઈ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
ભરતભાઈ બાબુભાઈ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
મહેશભાઈ અંબાલાલ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
ધ્રુવકુમાર દિપકભાઈ કનકાદાસ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
રજનીકાન્ત સીતારામભાઈ પટેલ	સુરત	૩૦૦૦.૦૦
ડૉ.જગદીશકુમાર સોમાભાઈ પટેલ	મહેસાણા	૩૦૦૦.૦૦
જગત બેચરભાઈ પટેલ	અમદાવાદ	૩૦૦૦.૦૦
બળદેવભાઈ અંબાલાલ પટેલ	ગાંધીનગર	૩૦૦૦.૦૦
પટેલ નરેન્દ્રકુમાર કાશીરામભાઈ	પાટણ	૩૦૦૦.૦૦

પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો

ગુરુ



વૈધ નરસિંહાકાકા

નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com

રી–સર્ચ ફોર આયુર્વેદા

" પ્રતિક હાઉસ " ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧–૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

ગુરુ



ડો. પી. યાદવ્યા



વૈધરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦

વેધનકર્મ અને અગ્નિકર્મ ચિકિત્સા

કેન્સર - હૃદયરોગ – કીડનીનારોગો

3C CARE WITH AYURVEDA

Ultimate Neuro - Arthritic Care



પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ??

- પિત્તાશયની પથરી (Gallbladder Stone)
- પેશાબની પથરી, કીડનીની પથરી
- અર્શ–મસા–ભગંદર

કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ–જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ – સહાયક આયુર્વેદિક સારવાર

શું તમે ડાયાલીસીસ કરાવો છો ???
ટ્રાન્સપ્લાન્ટેશન વગર કીડનીના રોગો માટે આયુર્વેદિક સહાયક સારવાર

ઈન્સ્યોરન્સ સુવિધા ઉપલબ્ધ...



•સ્ટ્રોક •હાઈ બ્લડ પ્રેશર •ડાયાબીટીસ •હૃદય રોગ
જેવા કારણોથી થતા પક્ષાઘાત (પેરાલીસીસ) ની
વૈધરત્નમ્ સંદિપ પટેલ દ્વારા
33 વર્ષના અનુભવી રીસર્ચ બેઈઝ અનુભૂત
"નિરામય" સહાયક અને ફળદાયી આયુર્વેદિક સારવાર

બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી.
ફોન :૭૫૭૪૮૬૧૮૫૩ – ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦ (Courier Facility Available)

ઈચ્છાનાથ ૧૦૫, દેવાશિષ એપાટમેન્ટ, SVNIT કોલેજ સામે, ઉમરા રોડ, ઈચ્છાનાથ, સુરત.
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ ફોન : ૭૫૭૪૮૬૧૮૫૧

ભરૂચ એ-૨૨, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી. ડેપો પાસે, ભરૂચ.
સમય : દર મહીનના ૨ જા રવિવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦
ફોન : ૭૫૭૪૮૬૧૮૬૬

Avdhoot
Dental & Implant Clinic

દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ ડેન્ટલ ક્લિનીક



Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092



Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery & Implantology)
Professor (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
M. 9824115092



Reception Area



Consulting Room



Speciality Treatment Area



Treatment Area

સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ




In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના એક્સ-રેની સુવિધા



Intra Oral Scanner
દાંતનું માપ લેવાની કમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિ



Dental Implant Supported Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું બેસાડવાની સુવિધા.



Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા



Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું



Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા



Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર



Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર



Extraction
દાંત/દાઢ પાડવાની તથા ડહાપણની દાઢની સારવાર



Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો સચોટ ઈલાજ



Pedodontist
નાના બાળકોના દાંતની તમામ સારવાર



Laser Dentistry

ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પલેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm

ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm



સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)

Nishit Patel's CARE IMMIGRATION & VISA SERVICES

CARE IMMIGRATION & VISA SERVICES

ASSOCIATED WITH MATRIX IMMIGRATION AND VISA SERVICES.



Nishit Patel

Sponsored : 2014 - 2023

4.9/5 Excellent Based on 332 Reviews

Justdial India's No.1 local search engine

NIRMA UNIVERSITY INSTITUTE OF LAW

SGVP INTERNATIONAL SCHOOL

SILVER OAK Education to Innovation

GANPAT UNIVERSITY

વિશ્વાસ • પ્રમાણિકતા • અથાગ પરિશ્રમ • સારી સેવા એ જ અમારો ધ્યેય

27+ એવોર્ડ સાથે 16+ થી પણ વધારે વર્ષોનો અનુભવ

EXPERT IN.......

COACHING | STUDENT VISA

VISITOR VISA | IMMIGRATION

- **Authorised Representative of Many Universities & Colleges Across the World.**
- **Excellence in Coaching.**
- **Operation Across India through Agents Network.**
- **Expert in solving refused cases.**
- **Excellent Success Track Record.**

ઘરે બેઠા YouTube / care immigration and visa services ચેનલને SUBSCRIBE કરો અને ફ્રી માહિતી મેળવો

Study in CANADA IELTS - 6

Study in USA IELTS - 5.5

Study in U.K. NO IELTS

Study in Australia IELTS - 6

Study in NewZealand IELTS - 6

PR in CANADA

* Conditions Apply

ESTABLISHED IN 2007

Ahmedabad(H.O.)
304/5, 6TH AVENUE,
Opp. Textile Co-Op bank, Navrangpura
Ahmedabad, Gujarat, India. 380009
: +91 99240 31116 / 9

Mehsana (Br. Office)
302-305,"B" Hub Town,
Modhera Chokdi, Mehsana,
Gujarat. India-384 002
: +91 9924039191

Kalol (Br. Office)
F-11, B.T. Mall, Nr. HDFC Bank,
Navjivan Mill Compound,
Kalol - 382721. Gujarat. India
: +91 7203031954

27+ Awards Achievement

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month





સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજના અમલમાં
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- રાહત દરે ફિઝીયોથેરાપી સેન્ટર
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનું કામ પ્રગતિમાં
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારમાં ક્ષય રોગના દર્દીઓને રાશન તથા પ્રોટીન કીટનુ વિતરણ.

જય સહકાર... જય કિસાન...

દિનેશભાઈ પટેલ
ચેરમેન

ભર્તિકાબેન પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી

વિષ્ણુભાઈ પટેલ
વા. ચેરમેન

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા



If undelivered please return to below address

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by DILIPBHAI MANILAL PATEL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by DAVE DHAVAL KIRTIKUMAR Gujarat Offset Pvt Ltd Offset House, Station Road, Vatva, Ahmedabad-382 440 and Published from Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near Bhagwat Vidyapith, S.G. Highway, Sola, Ahmedabad-380 060. Editor - JETHABHAI PATEL